RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 19, Dt.30-4-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પાકિસ્તાન સામે યુધ્ધનું કાઉન્ટડાઉન શરૂ!

## ભારત ગમે તે સમયે હુમલો કરશેઃ પાકિસ્તાન ધ્રુજવા લાગ્યુ :પ્રસારણ મંત્રી તરારેએ રાત્રે બે વાગ્યે પત્રકાર પરિષદ બોલાવી : પીએમ મોદીએ આર્મીને છુટો દોર આપતા થરથર કાંપવા લાગ્યું પાકિસ્તાનઃ એરફોર્સને એલર્ટ પર મુક્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાકિસ્તાન સતત ભારત તરફથી હુમલાનો ડર રાખે છે. પાકિસ્તાનને ડર છે કે ભારત પહેલગામ હુમલાના જવાબમાં મોટી લશ્કરી કાર્યવાહીની યોજના બનાવી રહ્યું છે. પાકિસ્તાનના માહિતી મંત્રીએ મંગળવારે રાત્રે ૨ વાગ્યે ઉતાવળમાં નિવેદન આપ્યું કે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. દરમિયાન, એવી માહિતી છે કે ભારત તરફથી સંભવિત હુમલાના ડરથી પાકિસ્તાને પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાકિસ્તાન વાયુસેનાને સતત એલર્ટ રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું છે કે તેમનો દેશ ભારતના કોઈપણ હુમલાનો જવાબ આપવા માટે તૈયાર છે.

દરમિયાન, એવા અહેવાલો છે કે પાકિસ્તાને સરહદ નજીકના આગળના સ્થળોએ મુખ્ય હવાઈ સંરક્ષણ સંપત્તિ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ સૈનિકો તૈનાત કર્યા છે. પાકિસ્તાન સતત હવાઈ તૈયારી કવાયત કરી રહ્યું છે. પાકિસ્તાનની આ ગતિવિધિઓ વિશે માહિતી એવા સમયે આવી છે જ્યારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે એક બેઠકમાં કહ્યું હતું કે સશષા દળોને આતંકવાદી હુમલાના જવાબમાં કાર્યવાહી અંગે નિર્ણય લેવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

ઈકોનોમિક ટાઈમ્સે આ બાબતથી પરિચિત લોકોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે સરહદ પાર અનેક સ્થળોએ પાકિસ્તાની પ્રવળત્તિઓ મળી આવી છે. સિયાલકોટ સેક્ટરમાં ભારતીય હવાઈ ગતિવિધિઓ શોધી કાઢવા માટે પાકિસ્તાને તેની રડાર સિસ્ટમ મજબૂત બનાવી છે. લાહોર નજીક પણ આવી જ પ્રવળત્તિ જોવા મળી હતી.

આ ઉપરાંત, પાકિસ્તાનના અન્ય વિસ્તારોમાં જેમ કે પંજાબ અને ખૈબર પખ્તુનખ્વાથી પાકિસ્તાન અધિકળત કાશ્મીર (ઙઘઊ) માં વધારાના સૈનિકો મોકલવામાં આવી રહ્યા છે. ભારત સાથેની નિયંત્રણ રેખા (કઘઈ) પર તૈનાત પાકિસ્તાની સેનાને બેકઅપ સપોર્ટ પૂરો પાડવા માટે નવા સૈનિકો તૈનાત કરવામાં આવી રહ્યા છે. પહેલગામ હુમલા પછી, નિયંત્રણ રેખા પર તણાવ વધી ગયો છે અને છેલ્લા છ દિવસથી સતત ગોળીબાર ચાલુ છે.

આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, ફિરોઝપુર સેક્ટરમાં સક્રિય મોરચા પર ઈલેક્ટ્રોનિક યુદ્ધ સાધનો પણ મોકલવામાં આવ્યા છે. આ પ્રવળત્તિઓ સૂચવે છે કે પાકિસ્તાન મુખ્ય આતંકવાદી જૂથોના મુખ્યાલય અથવા ઠેકાણાઓ પર લાંબા અંતરના હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.



પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું છે કે અમે અમારી સેનાને મજબૂત બનાવી છે કારણ કે ભારતીય ઘૂસણખોરીની સંભાવના ખૂબ જ છે. આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે પાકિસ્તાન સેનાના છઠ્ઠા આર્મર્ડ ડિવિઝન અને સાતમા પાયદળ ડિવિઝનની ગતિવિધિઓ પીઓકેના બાગ, રાવલકોટ અને ટોલી પીરમાં જોવા મળી છે. આ પ્રવળત્તિને અસામાન્ય ગણાવવામાં આવી રહી છે, કારણ કે ૬ઠ્ઠી આર્મર્ડ ડિવિઝન ગુજરાંવાલામાં સ્થિત છે અને ૭મી પાયદળ સામાન્ય રીતે પંજાબ સરહદ પર તૈનાત હોય છે. બાગ, ટોલી પીર અને રાવલકોટ વિસ્તારોમાં પાકિસ્તાની આર્ટિલરી સિસ્ટમ અને લાંબા અંતરના રોકેટની તૈનાતી પણ જોવા મળી છે. પાકિસ્તાને પીઓકેમાં ૧૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતા ચીની મૂળના અ-૧૦૦ મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર્સ (ખઈછક) તૈનાત કર્યા છે. છમ્બ સેક્ટરમાં, અલ ખાલિદ મુખ્ય યુદ્ધ ટેન્ક ઉપરાંત, ઊંછક-૧૨૨ ખઈછકની જમાવટ જોવા મળી છે, જેની અંદાજિત રેન્જ લગભગ ૪૦ કિલોમીટર છે.

આ ઉપરાંત, છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન વાયુસેના સતત હાઈ એલર્ટ પર છે. તેમાં ઘણી કસરતો ચાલી રહી છે અને તીવ્ર ઉડાન કરવામાં આવી રહી છે. રાવલપિંડીમાં નૂર ખાન બેઝને તાજેતરમાં ૠ-૧૬ઈ ફાઈટર જેટ અને અન્ય સંપત્તિઓથી મજબૂત બનાવવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે સ્કાર્ડુ સ્થિત ક્વાડ્રી એરફોર્સ બેઝને તાજેતરમાં લગભગ ૧૮ ફાઈટર જેટનો ટુકડો મળ્યો છે, સંભવતઃ ચીનમાં બનેલા ઉંૠ-૧૭.

## કેબિનેટ સુરક્ષા સમિતિની બેઠકઃસુરક્ષા સલાહકાર બોર્ડની નવેસરથી રચના, ભૂતપૂર્વ RAW ચીફ જોશી ચેરમેન બન્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પ્રધાનમંત્રી નિવાસસ્થાને સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠક શરૂ થઈ ગઈ છે. તેમાં ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ હાજર છે. આ સીસીએસની બીજી બેઠક છે, પહેલી બેઠક પહેલગામ હુમલાના બીજા દિવસે ૨૩ એપ્રિલે યોજાઈ હતી.



CCSની બેઠક પછી તરત જ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠક મળશે. આ સમિતિને સુપર કેબિનેટ પણ કહેવામાં આવે છે. આ પછી, આર્થિક બાબતોની સમિતિ અને કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક થશે. મંગળવારે અગાઉ પીએમ મોદીએ ત્રણેય સેના પ્રમુખો, ગજબ અજિત ડોભાલ, ઈઉજ અનિલ ચૌહાણ સાથે દોઢ કલાક સુધી ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. પીએમ મોદીએ સશસ્ત્ર દળોને છૂટ આપી અને કહ્યું કે સેનાએ આતંકવાદ સામે કાર્યવાહીની પદ્ધતિ, લક્ષ્ય અને સમય નક્કી કરવો જોઈએ.

પાકિસ્તાન તરફથી પણ સતત નિવેદનો આવી રહ્યા છે. મંગળવારે મોડી રાત્રે આઈટી મંત્રી અતાઉલ્લાહ તરારે કહ્યું કે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં પાકિસ્તાન પર હુમલો કરી શકે છે. તેમણે કહ્યું- અમારી પાસે હુમલા વિશે નક્કર માહિતી છે. પહેલગામ હુમલા પછી, પાકિસ્તાની સેનાએ સતત છઠ્ઠી વખત નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. બારામુલ્લા અને કુપવાડા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેનો ભારતે જવાબ આપ્યો હતો.

## AAPના બે દિગ્ગજ નેતા નવી મુશ્કેલીમાં ફસાયાઃ ૨૦૦૦ કરોડના કૌભાંડમાં નામ સંડોવાયું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા અને પૂર્વ પીડબ્લ્યૂડી મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી. દિલ્હીની એન્ટી કરપ્શન બ્રાન્ચે (અઈઇ) રૂ. ૨૦૦૦ કરોડનું ક્લાસરૂમ કૌભાંડ મામલે આ બંને નેતાઓ વિરૂદ્ધ વધુ એક એફઆઈઆર નોંધી છે. આ કૌભાંડમાં અન્ય સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની સંડોવણી હોવાની શક્યતાઓ પર તપાસ થઈ રહી હોવાનું એસીબી ચીફ મધુર વર્માએ જણાવ્યું હતું.

કથિત લીકર કૌભાંડ અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા સિસાદિયા અને જૈન વિરૂદ્ધ શાળાઓના ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. એસીબીએ જણાવ્યા પ્રમાણે, આમ આદમી પાર્ટીએ પોતાની સરકારના કાર્યકાળમાં ૧૨૭૪૮ ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. કેજરીવાલની સરકારમાં નાયબ મુખ્યમંત્રી સિસોદિયા શિક્ષણ વિભાગ સંભાળી રહ્યા હતા. જ્યારે જૈન પીડબ્લ્યૂડી (પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ)નો ચાર્જ સંભાળી રહ્યા હતા.

ક્લાસરૂમના બાંધકામનો કોન્ટ્રાક્ટ ૩૪ કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો હતો. જે તમામ અઅઙ સાથે જોડાયેલા હતા. અઈઇએ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જ એડવાઈઝર અને આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી હતી. સસ્તી ગુણવત્તાના ક્લાસરૂમ બાંધી ખર્ચ ઉચ્ચ કક્ષાની ગુણવત્તાને સમકક્ષ



દર્શાવવામાં આવ્યો હતો. રજૂ કરવામાં આવેલા ટેન્ડરમાં ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૨૪.૮૬ લાખ પ્રતિ રૂમ દર્શાવાયો હતો. જ્યારે દિલ્હીમાં આ પ્રકારના ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૫ લાખ પ્રતિ રૂમ છે. ભાજપ સાંસદ મનોજ તિવારીએ ૨૦૧૯માં દિલ્હીની ૨૩,૨૪, અને ૨૮ ઝોનની સરકારી શાળાઓમાં ક્લાસરૂમના નિર્માણમાં ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેમણે ક્લાસરૂમ દીઠ રૂ. ૨૮ લાખનો ખર્ચ કર્યો હોવાનો દાવો કર્યો હતો. જ્યારે દિલ્હીમાં એક ક્લાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૫ લાખ છે. મનીષ સિસોદિયાની ભ્રષ્ટાચારના કેસમાં ઈઈઈએ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ અને ઊઉએ ૯ માર્ચ ૨૦૨૩ના રોજ મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. ત્યારથી તેઓ જેલમાં હતા. સિસોદિયાએ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. લગભગ ૧૭ મહિના સુધી જેલમાં રહ્યા બાદ કોર્ટે જામીન આપ્યા હતાં. સિસોદિયાએ તમામ આરોપોને ફગાવી કેસ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

## વિશ્વના ઘણા દેશો પાકને આતંકવાદના આશ્રયદાતા દેશ તરીકે જોઈ રહ્યા છે

### અનેકવાર સાબિત થયું છે કે, પાકિસ્તાન આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મોત બાદ પાકિસ્તાન ફરી એકવાર સમગ્ર વિશ્વની નજર હેઠળ આવી ગયું છે. ભારત સાથે તેનો તણાવ સામાન્ય છે, જે ભાગલા પછીથી ચાલી રહ્યો છે. વિશ્વના ઘણા દેશો તેને આતંકવાદના આશ્રયદાતા દેશ તરીકે જોઈ રહ્યા છે.

ઘણી વખત સાબિત થયું છે કે, પાકિસ્તાન આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન છે. ૯/૧૧ હુમલાના મુખ્ય કાવતરાખોર ઓસામા બિન લાદેનને અમેરિકાએ પાકિસ્તાનની અંદર એક ખાસ ઓપરેશનમાં મારી નાખ્યો હતો. આમ છતાં, પાકિસ્તાન ક્યારેય પોતાને આતંકવાદના પ્રાયોજક તરીકે સ્વીકારતું નથી. આ કારણે, વિશ્વના ઘણા દેશો તેને શંકાની નજરે જુએ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ચાલો જાણીએ કે વિશ્વમાં પાકિસ્તાનના કેટલા દુશ્મનો છે અને તેના મુખ્ય કારણો શું છે? પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન અને આશ્રય આપે છે તેથી ભારત સાથેની દુશ્મનાવટ છે :

પાકિસ્તાન એક એવો દેશ છે જે ભાગલા પછીથી વધુ જમીન મેળવવા માટે ભારત સાથે લડી રહ્યો છે અને આ જ કાર્યોને કારણે વારંવાર હારનો સામનો કરી રહ્યો છે. જો પાકિસ્તાન, એક નવા દેશ તરીકે, તેની સરહદો મજબૂત કરી હોત, આર્થિક મોરચે કામ કર્યું હોત, લોકોના કલ્યાણ માટે જરૂરી સંસાધનો માટે લડત આપી હોત, વગેરે તો વધુ સારું હોત, પરંતુ તેના લોભી વલણને કારણે, તે કંઈ નવું પ્રાપ્ત કરી શક્યું નહીં.

હા, સરકારોમાં સ્થિરતાના અભાવે, સેનાનું વર્ચસ્વ વધ્યું. ઘણી વખત સેનાએ નેતાઓ પાસેથી સત્તા છીનવી લીધી. સેના માટે પોતાના જ નેતાઓને ફાંસી આપવી કે કેદ કરવી ખૂબ જ સામાન્ય બાબત છે. પરંતુ પાકિસ્તાનમાં હંમેશા તેના નેતાઓ કરતા સેના વધુ મજબૂત સાબિત થતી આવી છે.



પાકિસ્તાન કાશ્મીર ઈચ્છે છે અને ભારત કોઈ પણ કિંમતે, ક્યારેય આવું થવા દેશે નહીં. આ દેશ ઘણીવાર સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીર વિશે વાત કરતો જોવા મળે છે. પહેલગામ હુમલા પછી પણ પાકિસ્તાને ફરી એકવાર સમગ્ર વિશ્વને આ મામલે આગળ આવવા અપીલ કરી છે, જો કોઈ એજન્સી નિષ્પક્ષ તપાસ કરશે તો અમે સંપૂર્ણ સહયોગ આપીશું. મોટો પ્રશ્ન એ છે કે જો હુમલો ભારતમાં થયો છે, તો પછી કોઈ બીજું તેની તપાસ કેમ અને કેવી રીતે કરશે? આ કામ ફક્ત ભારતીય એજન્સીઓ દ્વારા જ કરવામાં આવશે.

## આગામી મહિનાઓમાં સોના કરતા ચાંદી વધુ નફો આપી શકે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સોનાએ એપ્રિલમાં એક લાખનાં આકડાંને પાર કર્યું છે. આ સમયગાળા દરમિયાન ચાંદીની કિંમતમાં સોનામાં જોવા મળેલી તેજી જેવી જોવા મળી ન હતી. હાલ ચાંદીનો ઔદ્યોગિક ઉપયોગ તેને આકર્ષક બનાવી રહ્યો છે.

જાન્યુઆરીથી અત્યાર સુધીમાં સોનામાં લગભગ ૨૫ ટકાની તેજી આવી છે, જ્યારે ચાંદીના ભાવમાં માત્ર ૧૩.૫ ટકાનો વધારો થયો છે. નિષ્ણાતોને આશા છે કે આગામી મહિનાઓમાં સોના કરતા ચાંદી વધુ નફો આપી શકે છે.

નિષ્ણાતોના આત્મવિશ્વાસમાં વધારો થવાનું બીજું મોટું કારણ



સોનાથી ચાંદીનો રેશિયો વધવાનો છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં ૧૦૦ને પાર પહોંચી ગયો છે. કોરોના પછી આ બીજી વખત છે જ્યારે રેશિયો ૧૨૬ પર પહોંચ્યો છે આ ૧૨૬નો ઊંચો રેશિયો દર્શાવે છે કે સોનાનો ભાવ ચાંદી કરતાં ઘણી ઝડપથી વધ્યો છે, જે ઐતિહાસિક આંકડા મુજબ અસ્થિર છે. છેલ્લા ચાર વર્ષમાં આ રેશિયો ૮૦થી ઉપર રહ્યો છે. છેલ્લા ૨૫ વર્ષમાં (૨૦૦૦થી) સરેરાશ ૬૮ રહી છે, જ્યારે ૧૦ વર્ષની સરેરાશ ૮૫ રહી છે. છેલ્લા દાયકામાં આ રેશિયો એટલા માટે પણ વધારે હતો કારણ કે સોનાએ ૨૬૦ ટકા વળતર આપ્યું હતું જ્યારે ચાંદીએ ૬૦ ટકા વળતર આપ્યું હતું.

## ઈન્કમટેકસ રિટર્ન ફોર્મમાં મોટો ફેરફાર આવશે

### લકઝરી વેકેશન સહિતના ખર્ચની જાણકારી આપવી પડશે

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ઈન્કમ ટેકસ રિટર્ન (આઈટી) ફોર્મમાં મોટો ફેરફાર આવનાર છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેકસેસ (સીબીડીટી) ઓછી ઈન્કમ દેખાડનાર અને પોતાની કમાણીથી વધુ ખર્ચ કરનારાને પકડવા માટે આઈટીઆર ફોર્મને પુરી રીતે બદલી રહ્યું છે. નવા આઈટીઆરમાં ટેકસ કલેમનાં બારામાં વધુ જાણકારી મેળવવામાં આવશે.

આથી એ જાણવા મળશે કે કોઈ ખોટી રીતે ટેકસ બચાવવાની કોશીશ તો નથી કરી રહ્યોને. મોંઘી રજાઓ જેવા ખર્ચના બારામાં પણ જાણકારી માંગવામાં આવી શકે છે. આથી જે લોકોએ પોતાની અસલી કમાણી નથી બતાવી તેનો પતો મળી જશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભલે પુરી રીતે બદલાયેલુ આઈટીઆર ફોર્મ આવતા વર્ષથી લાગુ થાય પરંતુ આ વર્ષ માટે પણ કેટલાંક ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

એક અધિકારીએ જણાવ્યુ હતું કે ટેકસ રિટર્ન ભરવુ સરળ હોવુ જોઈએ આ સાથે જ જે લોકો પોતાની અસલી કમાણી નથી બતાવી રહ્યા તેમના માટે ટેકસ બચાવવો મુશ્કેલ પણ હોવુ જોઈએ.

નવુ આઈટીઆર ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે સાથે સાથે




બહેતર એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (એઆઈએસ) પાસેથી પણ શંકાસ્પદ કેસોનો પતો મેળવવામાં મદદ મળશે.

એઆઈએસ એક એવુ સ્ટેટમેન્ટ છે. જેમાં કોઈ ટેકસ પેયરની આખા વર્ષની પુરી જાણકારી હોય છે. જેમાં વ્યાજ, ડિવીડન્ડ કે સોર્સ પર ટેકસ (ટીસીએસ) મોટાભાગની જાણકારી અગાઉથી જ ભરેલી હશે.આથી ટેકસ રિટર્ન ભરવો સરળ થઈ જશે.

સરકારે ટીસીએસનું ક્ષેત્ર પણ વધારી દીધુ છે. લકઝરી સોનાની ખરીદીને પણ તેમાં સામેલ કરાઈ છે જેથી ખર્ચ અને છુપાયેલી કમાણીનો પતો મળી શકે. ઓલ્ડ રીજીમવાળા લોકોએ હવે છુટના બારામાં વધુ જાણકારી આપવી પડી શકે છે.

## ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ આજથી ખુલ્યા

### ગઈકાલે ગંગોત્રીધામ માટે ભકતોએ મા ગંગાની પાલખી કાઢીઃ યાત્રાના રૂટ પર ૬૨૪ સીસીટીવી કેમેરા સક્રીયઃ સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આજે અખાત્રીજના ઉતરાખંડમાં આવેલા ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ આજથી ખુલી રહ્યાં છે. આજથી ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. ચારધામ યાત્રા માર્ગને ૧૫ સુપરઝોન અને ૨૧૭ સેકટરોમાં વહેંચવામાં આવેલ છે. પોલીસ તંત્રએ યાત્રામાર્ગ પર આ વખતે ૬૨૪ સીસીટીવી કેમેરાને પણ સક્રીય કર્યા છે.

આજે અક્ષય તૃતીયા પર ગંગોત્રી તથા યમુનોત્રી ધામના કપાટ ખુલવાની સાથે ચારધામ યાત્રાનો વિધિવત શુભારંભ થઈ ગયો છે. મા ગંગાની પાલખી મુકવા ગામેથી ગઈકાલે અભિજીત મુહુર્તમાં ગંગોત્રી ધામ માટે રવાના થઈ. મા ગંગાના વિગ્રહથી પાલખીએ ગઈરાતે ભૈરોધારીમાં વિશ્રામ કર્યો હતો.

આજે અક્ષય તૃતીયાના ગંગોત્રીધામ પહોંચીને સવારે ૧૦.૩૦ કલાકે મંદિરના કપાટ ખોલી દેવામાં આવ્યા હતા. તેમ યમુનોત્રી ધામમાં યમુનાના આગમન અને યમુનાનુ પિયર ખરસાલી ગામમાં યમુનાજીની વિદાયની તૈયારીઓ કરાઈ હતી. આજે મા યમુનાજીની પાલખી સવારે ૭.૩૦ કલાકે ખરસાલી ગામથી યમુનોત્રીધામ જવા રવાના થઈ હતી.

ધામમાં પહોંચીને સ્નાન વગેરે બાદ બપોરના શ્રદ્ધાળુઓ માટે મંદિરના



કપાટ ખોલી દેવામાં આવ્યા હતા. યાત્રા માર્ગ પર નવ એએસપી અને ડીએસપી સ્તરના અધિકારીઓને અલગ અલગ સ્થાનો પર કેમ્પ કરવાના નિર્દેશ અપાયા છે. આ વર્ષે પ્રથમ વાર ૧૦ કંપની અર્ધસૈનિક દળની માંગ કેન્દ્ર સરકાર પાસે કરવામાં આવી છે. આ વર્ષે સુરક્ષાના મજબૂત પ્રબંધ કરવામાં આવેલ છે. વિભિન્ન માર્ગો પર અધિકારીઓ તથા કર્મચારીઓને ગોઠવવામાં આવ્યા છે.

# જામનગરના લાલવાડી વિસ્તારમાં વનકવચનું લોકાર્પણ

**મુખ્ય સમાચાર,જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે જામનગર શહેરના લાલવાડી વિસ્તારમાં સિલ્વર સ્કાઈ રોડ પર વનકવચનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી ગુજરાતને વધુ હરિયાળું બનાવવાના હેતુથી,જાપાની વનસ્પતિ શાસ્ત્રી અકીરા મીયાવાન્કીની વનીકરણ પદ્ધતિને લક્ષ્યમાં રાખી ગુજરાત વન વિભાગ દ્વારા વનકવચ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વનકવચએ મુખ્યત્વે શહેરી વિસ્તારમાં અને અન્ય વિસ્તારમાં આવેલ પડતર જમીનમાં હરિયાળી વધારવા માટે,એકઝડપથી નાનું વન બનાવવાની પદ્ધતિ છે.એક નાનકડી જગ્યામાં પણ ઘનિષ્ટ વાવેતર કરી નાનું વન ઉભું કરી શકાય.અંદાજીત રૂ.૨૫ લાખના ખર્ચે વર્ષ ૨૦૨૩-૨૪માં જામનગર શહેરમાં જામનગર - કાલાવડ રોડ પર આવેલ જાડા





ટી.પી.સ્કિમ નં.૮૪ માં ગુજરાત વન વિભાગ તથા જામનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે ૧ હેકટર જેટલા વિસ્તારમાં મિયાવાકી પધ્ધતિથી વનકવચનું નિર્માણ કરવામાં આવેલ છે. વનકવચનો હેતુ લોકોમાં વન પ્રત્યે જાગૃતિ અને અભિરૂચી વધારવાનો છે. જેમાં જમીનમાં કુલ સાતસ્તરમાં ક્રમશ : કોકોપીટ, માટી, ઘઉંની ફોતરી, વર્મી કમ્પોસ્ટ, માટી,ઘાંસ બાજરીના પુળાનું મલ્ચીંગના સ્તર બનાવી વિવિધ રોપાઓ જેમાં નિમ્નસ્તર, મધ્યમસ્તર તેમજ ઉચ્ચસ્તરિય રોપાઓની ૧સ૧મીટરના અંતરે વાવેતર કરવામાં આવેલ છે.

કુલ ૩૮ જાતના કુલ ૧૦,૦૦૦ રોપાઓ વાવેતર કરવામાં આવેલ છે. મિયાવાકી પધ્ધતિ દ્વારા તૈયાર કરાયેલા આ વનની વૃદ્ધિ ખુબજ ઝડપથી થઈ ૨૦ માસના ટુંકા ગાળામાં લગભગ ૧૦ થી ૧૫ ફુટ જેટલી વૃક્ષોની ઉંચાઈ થયેલ છે.

આ સિવાય વનકવચમાં નાના બાળકોને રમવામાટે બાલ ક્રિડાંગણ બનાવવામાં આવેલ છે. મુલાકાતીઓને વનમાં વિહાર કરવા વનકવચની ફરતે ખુબજ સરસ પાથ-વે બનાવવામાં આવેલ છે. જેમાં વિહાર કરતા મુલાકાતીઓને પ્રકૃતિના ખોળે ફરતાં હોય તેવો આહલાદક અનુભવ માણવા મળે છે. મુલાકાતીઓને આરામ કરવા માટે વનકુટિરનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં બેસવા માટે બાંકડાઓની વ્યવસ્થા તથા સેલ્ફી પોઈન્ટનું નિર્માણ પણ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યો રીવાબા જાડેજા અને દિવ્યેશભાઈ અકબરી, બીનાબેન કોઠારી, ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ડો.રામ રતન નાલા, નાયબ વન સંરક્ષક અરુણકુમાર, રેન્જ ફોરેસ્ટ ઓફિસરો હર્ષાબેન પંપાણીયા અને દક્ષાબેન વઘાસીયા, વન વિભાગના અધિકારીઓ, કોર્પોરેટરઓ, અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં વિજયાબેન બાવરવાનું નિધન થતા દેહદાન કરાયું

## મૃત્યુ પછી પણ માનવસેવાનું કાર્ય કરીને વિજયાબેન બાવરવા જીવંત રહી ગયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં અવની ચોકડી નજીક રહેતા વિજયાબેન અમૃતલાલ બાવરવાએ પોતાનું જીવન પૂર્ણ થયા બાદ પણ માનવસેવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેઓએ જીવન દરમ્યાન દેહદાનની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના અનુસંધાને તેમના નિધન પછી પરિવારજનો દ્વારા મોરબી મેડિકલ કોલેજમાં દેહદાન કરવામાં આવ્યું છે.



મોરબી શહેરના અવની ચોકડી નજીક ગંગોત્રી ટાવર-૪૦૧માં વસવાટ કરતા તથા મૂળ વાઘપર ગામના વતની વિજયાબેન અમૃતલાલ બાવરવાનું તા.૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ નિધન થયું હતું. વિજયાબેન જ્યારે જીવિત હતાં ત્યારે જ તેમણે અને તેમના પતિ અમૃતલાલ કાનજીભાઈ બાવરવાએ એમ બંનેએ દેહદાન માટે પોતાની ઈચ્છા પરિવારજનો સામે વ્યક્ત કરી હતી કે, તેમના અવસાન પછી તેમના પાર્થિવ દેહનું દેહદાન કરવામાં આવે. ત્યારે માતા-પિતાના આ માનવીય સંકલ્પથી પ્રેરાઈ તેમના પુત્ર યોગેશભાઈ અને પરેશભાઈએ મોરબી મેડિકલ કોલેજનો સંપર્ક કરી તાત્કાલિક રીતે માતા-પિતાના દેહદાનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. તેઓએ દેહદાન માટે જરૂરી કાગળો જીવનકાળમાં જ તૈયાર કરાવ્યા હતા અને પરિવારજનો સાથે સંકલ્પ-પત્ર ભરાવી મોરબી મેડિકલ કોલેજમાં આપ્યા હતા.

વિજયાબેનનું દેહદાન લોકો માટે પણ પ્રેરણારૂપ બનશે અને મેડિકલ ક્ષેત્રે શિક્ષણ લઈ રહેલા વિદ્યાર્થીઓને શારીરિક સંરચના સમજવા ઉપયોગી થતું એક અગત્યનું અંગદાન મળી રહેશે. અંતે એમ કહી શકાય કે, વિજયાબેન મૃત્યુ પછી પણ જીવંત રહી માનવસેવાનો અનોખો સંદેશ આપી ગયા છે. તેમના પવિત્ર સંકલ્પને સમગ્ર મોરબી સમુદાય શ્રદ્ધાંજલિ અર્પે છે.

# જામનગરની મેડીકલ કોલેજમાં એડમીશનના બહાને ૩.૧૦ લાખ ખંખેર્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની મેડીકલ કોલેજમાં એડમીશન અપાવી દેવાના બહાને ૩.૧૦ લાખ પડાવી લીધાની એજન્ટ, મહિલા સહિત ૩ સામે ફરીયાદ નોંધાવવામાં આવી છે.ઉમરગામના દહાડ ગામે ભાગયોદય સોસાયટીમાં પવન બ્રહ્મદેવસિંઘ પરિવાર સાથે રહે છે પવનસિંઘના પુત્ર કિશનને વર્ષ ૨૦૨૪માં નીટની પરીક્ષા પાસ કર્યા બાદ મેડીકલ કોલેજમાં એડમીશન બાબતે અલગ અલગ એજન્ટોના ફોન આવતા હતા. પવનસિંઘે તા. ૩૧-૮ના રોજ એજન્ટના મોબાઈલ પર ફોન કરતા એક મહિલાએ મેડીકલ સિલેકશન વાલી કંપની મે રિસેપનિસ્ટ બોલ રહી હું, આપકે લડકે કા ગુજરાત મે અચ્છે સે અચ્છા કમ ફી વાલા કોલેજ મે એડમીશન કરા દેંગે એમ જણાવી રજીસ્ટ્રેશન પેટે.૧૦ હજાર મોકલવા જણાવ્યુ હતું.જેથી પવનસિંઘે. ૧૦ હજાર ઓનલાઈન મોકલી દીધા હતા, ત્યારબાદ મહિલાએ કાઉન્સીલર અનુભવસિંઘના નંબર મોકલી વાતચીત કરવા જણાવ્યુ હતું, પવનસિંઘે અનુભવસિંગ સાથે વાચતીચ કરતા તેણે પુત્રના નીટનું રિઝલ્ટ મોકલવા કહેતા પરિણામ મોકલી આપ્યુ હતું, અનુભવસિંગે સરકારી મેડીકલ કોજમાં એડમીશન અપાવવાનું કહી પવનસિંઘ અને પુત્ર કિશનને જામનગર બોલાવી વાતચીત કરી. ૪ લાખ થશે એમ જણાવ્યુ હતું જેથી પવનસિંઘ.૩ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. અનુભવસિંગ જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજમાં લઈ જઈ કિશનનું એડમીશન ફોર્મ ભરી સિલેકશન લિસ્ટમાં




આપકે લડકે કા નામ આ જાયેગા એમ કહેતા પિતા-પુત્ર પરત ઉમરગામ આવી ગયા હતા.જોકે ઓકટો. ૨૪માં સિલેકશન યાદી જાહેર થઈ હતી જેમાં કિશનરાજ જામનગરને બદલે દાહોદની મેડીકલ કોલેજમાં પુત્રને એડમીશન મળતા પવનસિંઘ આશ્ચર્યમાં મુકાયા હતા, પવનસિંઘે અનુભવસિંગ અને મહિલાને વારંવાર ફોન કરવા છતા એકેય ફોન ઉઠાવ્યા ન હતા, આખરે પોતાની સાથે વિશ્વાસઘાત છેતરચીંડી થઈ હોવાો અહેસાસ થતા પવનસિંઘે સાયબર ક્રાઈમમાં ઓનલાઈન ફરીયાદ કરી હતી આ મામલે ઉમરગામ પોલીસે અનુભવસિંગ, પ્રણવસિંગ અને મહિલા સામે ગુનો નોંધ્યો.

# મોરબીમાં પીયુસી સંચાલક યુવક પર ધોકા વડે હુમલોઃ ગંભીર ઈજાઃ ચાર શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

## અગાઉ યુવકની પત્ની સાથે મોબાઈલમાં વાત કરવા બાબતે થયેલ ઝઘડાનો ખાર રાખી યુવક ઉપર ઘાતકી હુમલો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શનાળા રોડ માર્કેટિંગ યાર્ડ નજીક આવેલા પીયુસી સેન્ટર સંચાલક યુવક ઉપર ચાર શખ્સોએ ઘાતકી હુમલો કર્યો હતો. હુમલામાં ધોકા વડે માથામાં ઘા મારવામાં આવતા યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. હુમલાના કારણમાં અગાઉ યુવકની પત્ની સાથે મોબાઈલમાં વાત કરવા બાબતે થયેલ ઝઘડાનો ખાર રાખી યુવકની પીયુસી સેન્ટરની દુકાને આવી ગાળો આપી, ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મોરબી શહેરના શનાળા રોડ ઉપર ગપીની વાડી વિસ્તારમાં રહેતા ગૌતમભાઈ પોપટભાઈ ડાભી ઉવ.૩૦ જે મોરબી માર્કેટિંગ યાર્ડ પાસે બાલાજી પીયુસી સેન્ટર ચલાવે છે, તેઓએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી જેરામભાઈ પરષોત્તમભાઈ પરમાર, અંકિત જેરામભાઈ પરમાર રહે.બન્ને વાવડી રોડ કબીર આશ્રમ સામે તથા આરોપી ભગવાનજી પરષોત્તમભાઈ પરમાર અને દિનેશ ભગવાનજી પરમાર બન્ને રહે.ગધેયની વાડી વિસ્તાર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી ગૌતમભાઈના પત્નીને આરોપી અંકિત પરમાર અગાઉ ફોન કરતો હોય તે બાબતે બોલાચાલી ઝઘડો



થયેલ જે બાબતનો ખાર રાખી, ગઈકાલ તા.૨૯/૦૪ના રોજ ફરીયાદી ગૌતમભાઈએ આરોપી અંકિતને આ બાબતે કહેતા તેને સારૂ નહીં લાગતા, ચારેય આરોપીઓ બપોરના સમયે એક ફોર વ્હીલ કારમાં ગૌતમભાઈની પીયુસી સેન્ટરની દુકાને આવ્યા હતા. જ્યાં ચારેય આરોપીઓએ ગૌતમભાઈની બેફામ ગાળો ભાંડી માથામાં ધોકાના ઘા મારી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારે દેકારો થતા આજુબાજુની દુકાન વાળા એકઠા થઈ જતા, ચારેય આરોપીઓ ચાલ્યા ગયા હતા, ત્યારે લોહી નીકળતી હાલતમાં ગૌતમભાઈની મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. હાલ એ દિવટઝન પોલીસે ગૌતમભાઈની ફરિયાદને આધારે ચારેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ તથા જીપી.એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં લહેરુ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ભગવાન શ્રી પરશુરામ જીવન ચરિત્ર વિષયક વ્યાખ્યાન યોજાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના સંસ્કાર હોલ ખાતે તા. ૨૯ એપ્રિલે લહેરુ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે ડો. કૃષ્ણકાંત શુક્લ દ્વારા ભગવાન શ્રી પરશુરામના જીવન ચરિત્ર પર વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં આગેવાનોએ હાજરી આપી અને પહેલગામમાં મૃત્યુ પામેલ નિર્દોષોની આત્મશાંતિ માટે શ્રદ્ધાંજલિ સ્વરૂપે ગીતાર્પણ પણ કરવામાં આવ્યું હતું.



તા. ૨૯/૦૪/૨૦૨૫ના રોજ મોરબી જી.આઈ.ડી.સી. નજીક આવેલ સંસ્કાર હોલ ખાતે સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન શ્રી લહેરુ એજ્યુકેશન ટ્રસ્ટના આયોજનમાં ભગવાન શ્રી પરશુરામના જીવન ચરિત્ર પર આધારીત વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો હતો. આ ઉદ્દાત વ્યાખ્યાન રાજકોટના વિદ્વાન અને જાણીતા વક્તા ડો. કૃષ્ણકાંત શુક્લ દ્વારા આપવામાં આવ્યું હતું. તેઓએ ભગવાન શ્રી પરશુરામના તપ, જીવન સંઘર્ષ, અને બ્રહ્મતેજસ સાથેની ધર્મપ્રતિષ્ઠાની મહાન પરંપરાનું રસપદ વિવરણ આપ્યું હતું. કાર્યક્રમમાં મહેશ ભટ્ટ, ડો. અનિલ મહેતા, નરેન્દ્રભાઈ મહેતા, ખોડીદાસ ભાગીયા, ભાવેશ જેતપરીયા, નરભેરમભાઈ, ડો. ભાડેસીયા સાહેબ, વિજયભાઈ ભટ્ટ, રણજીતસિંહ, પંકજ ગાંઠિયાવાળા અને પ્રહલાદભાઈ પંડ્યા સહિત અનેક માનનીયો ઉપસ્થિત રહ્યા હતાં. વિશેષરૂપે, આ વ્યાખ્યાન દરમિયાન કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા હિંદુ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારે નૌશાદ મીર દ્વારા શાંતિની ભાવના સાથે શ્રદ્ધાંજલિ સ્વરૂપે ભાવનાત્મક ગીત રજુ કરવામાં આવ્યું હતુ, જેને ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો.

# ટંકારા કોર્ટ દ્વારા ૧૦ લાખના ચેક રીટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ સાથે વળતરની સજા

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારાની મહે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ૧૦ લાખના ચેક રીટર્નના કેસમાં ટંકારા ઈન્દ્રપ્રસ્થ સોસાયટીના રહેવાસી રાહુલભાઈ રાઘવજીભાઈ ભાગીયાને એક વર્ષની કેદ તથા ૧૦ લાખ રૂપિયા વળતરની સજા ફટકારવામાં આવી છે. ફરિયાદી તરફથી વકીલ તરીકે રાહુલ ડી. ડાંગરે સફળ દલીલો રજુ કરી હતી.



આ કેસની ટુક વિગત મુજબ, વર્ષ ૨૦૨૩માં ટંકારા તાલુકાના મોટા ખીજડીયા ગામના રહેવાસી ગીરીરાજસિંહ ઝાલાએ રાહુલભાઈ ભાગીયાને અંગત ઉપયોગ માટે રૂપિયા ૧૦ લાખ આપ્યા હતા. આ રકમ પરત આપવા માટે રાહુલભાઈ ભાગીયાએ રૂ.૧૦ લાખનો ચેક આપ્યો હતો. ત્યારે આરોપી દ્વારા આપેલ ચેક બાઉન્સ થતાં, ગીરીરાજસિંહે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ટંકારાની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ટંકારાની મહે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી એસ.જી. શેખ સાહેબની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફથી મોરબી-ટંકારાના જાણીતા વકીલ તથા ટંકારા બાર એસોસિએશનના ઉપપ્રમુખ એડવોકેટ રાહુલ ડી. ડાંગર દ્વારા કાયદાકીય દલીલો રજૂ કરવામાં આવી હતી. કેસમાં પૂરતા પુરાવા અને દલીલોના આધારે કોર્ટએ આરોપીને દોષિત ઠેરવીને ૬૦ દિવસની અંદર ફરિયાદીને વળતરની રકમ ચુકવવાની શરતે સજા ફરમાવી છે. જો આરોપી આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેને વધુ ત્રણ મહિનાની સાદી કેદ ભોગવવાની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

# પહેલગામમાં હિંદુઓ પર થયેલા આતંકી હુમલાને પગલે પરશુરામ યુવા ગ્રુપ મોરબી દ્વારા સાદગીથી ઉજવાયો પરશુરામ જન્મોત્સવ

## અન્નકૂટ સાથે આરતી યોજાઈઃ નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શ્રી પરશુરામ યુવા ગ્રુપ દ્વારા ભગવાન શ્રી પરશુરામનો જન્મોત્સવ કાશ્મીરના પહેલગામમાં હિંદુઓ પર થયેલા આતંકી હુમલાના પગલે ભવ્યોત્સવ બદલે સાદગીપૂર્વક ઉજવાયો હતો. કાર્યક્રમમાં આરતી અને અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું અને નવા હોદ્દેદારોની વરણી પણ કરવામાં આવી હતી.



તારીખ ૨૯/૦૪/૨૦૨૫ના રોજ શ્રી પરશુરામ યુવા ગ્રુપ, મોરબી દ્વારા ભગવાન શ્રી પરશુરામનો જન્મોત્સવ પરંપરાગત રીતે દર વર્ષે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાતો હોય છે, પરંતુ આ વર્ષે કાશ્મીરનાં પહેલગામમાં હિંદુઓ પર થયેલા આતંકવાદી હુમલાને ધ્યાને લેતા ઉજવણી સાદગીપૂર્વક રાખવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાન શ્રી પરશુરામ દાદાની આરતી કરવામાં આવી હતી તથા અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. આ આરતીમાં બ્રહ્મ સમુદાયના અનેક પરિવારો તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાદગીપૂર્વક ઉજવાયેલ આ કાર્યક્રમ દરમિયાન દર વર્ષની જેમ, આ વર્ષે પણ પરશુરામ યુવા ગ્રુપના નવા હોદ્દેદારોની વરણી સમારોહ પણ યોજાયો હતો. જેમાં પ્રમુખ પદે ઉદયભાઈ જોષી, મહામંત્રી પદે વિજયભાઈ રાવલ, તેમજ વિશ્વાસભાઈ જોષી અને હર્ષભાઈ વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# કેબિનેટમંત્રી મુળુભાઈ બેરાએ સપડા ગણપતિજી મંદિર પાસે પુર સંરક્ષણ દિવાલના કામનું ખાતમુહુર્ત કર્યું




જામનગર, રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઇ બેરાએ જામનગર તાલુકાના સપડા ગણપતિજી મંદિર પાસે પુર સરંક્ષણ દીવાલના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. અંદાજિત રૂ.૪૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર આ પુર સંરક્ષણ દીવાલનું કામ થવાથી ગણપતિજી મંદિરના પ્રાંગણમાં ભારે વરસાદથી થતું નુકશાન અટકાવી શકાશે તથા પ્રવાસનની સલામતીને ધ્યાને રાખીને સુવ્યવસ્થિત વિકાસ થશે.આ પ્રસંગે મંત્રી મુળુભાઇ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ધાર્મિક તથા પ્રવાસન સ્થળોનો વિકાસ થાય તે દિશામાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર કટિબદ્ધ છે. હાલારમાં હયાત પ્રવાસન સ્થળોનો વિકાસ થાય તથા વધુમાં વધુ લોકો આ સ્થળોની મુલાકાત લે તે માટે વિકાસના કામો ચાલુ વર્ષના બજેટમાં પણ મંજૂર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં મંત્રી.સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્ય મેઘજીભાઇ ચાવડા, અગ્રણી વિનોદભાઈ ભંડેરી, જિલ્લા પંચાયતના સદસ્ય.ભરતભાઈ બોરસદિયા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા, અગ્રણી રમેશભાઈ મુંગરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેર બાઉન્ડ્રી નજીક ટ્રકમાં મગફળીના ભૂસાની આડમાં ૬૭.૬૯ લાખના દારૂ સાથે ચાલકની ધરપકડ

## ૧૪,૦૪૦ બોટલ, ટ્રક, રોકડ, મોબાઈલ સહિત ૧ કરોડથી વધુનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી ટ્રક ટ્રેઈલરમાં પંજાબ રાજ્યના ભટીંડાથી ગુજરાત રાજ્યમાં મગફળીની ભુંસાની બોરીઓની આડમાં છુપાવીને લઈ જવાતો ઈંગ્લીશદારૂનો જંગી જથ્થો બોટલો નંગ-૧૪૦૪૦ કિ.રૂ.૬૭.૬૯ લાખ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂ.૧.૦૨ કરોડના મુદામાલ સાથે ટ્રક ચાલકને મોરબી એલસીબી ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો છે. આ સાથે માલ મોકલનાર અને મંગાવનાર આરોપીઓને ફરાર દર્શાવી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પકડાયેલ આરોપી તથા તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.



વાંકાનેર બાઉન્ડ્રી પુલ પાસેથી મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા વિદેશી દારૂના જંગી જથ્થા સાથે એક ટ્રક-ટ્રેઈલર ઝડપી લેવામાં આવ્યો છે. એલસીબી મળેલ બાતમીને આધારે વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ ટોલપ્લાઝા પાસે આવેલ પોલીસ ચોકી સામે રોડ ઉપર વાહન ચેકિંગની કામગીરી કરતા હતા તે દરમિયાન બાતમી મુજબનું ટ્રક-ટ્રેઈલર નીકળતા તેને રોકી તેની તલાસી લેતા, તેમાં મગફળીના ભુસ્સાની ભરેલ બોરીઓની નીચે છુપાઈ રાખેલ ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની નાની-મોટી ૧૪,૦૪૦ નંગ બોટલ કિ.રૂ.૬૭,૬૯,૯૨૦/- સાથે ટ્રક-ટ્રેઈલર ચાલક આરોપી સતારામ કુશારામ જેશારામજી ખોથ રહે. જાયડું ગામ તા.રામસર જી.બાડમેર રાજસ્થાનની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી, જ્યારે ટ્રંક ટ્રેઈલર અને વિદેશી દારૂનો માલ મોકલનાર આરોપી કિશોર સારણ રહે ખડીર ગામ તા.રામસર જી.બાડમેર રાજસ્થાન વાળાના નામ ની કબુલાત આપતા, પોલીસે પકડાયેલ આરોપી તથા માલ મોકલનાર તેમજ માલ મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી ચલાવી છે, હાલ પોલીસે ટ્રકમાંથી વિવિધ બ્રાન્ડની નાની મોટી કુલ ૧૪,૦૪૦ બોટલો કિ.રૂ. ૬૭,૬૯,૯૨૦/-, ૨ મોબાઈલ ફોન રૂ. ૫,૫૦૦/-, રોકડ રૂ. ૨,૫૦૦/-, ટ્રંક ટ્રેલર કિં.રૂ. ૩૫ લાખ સહિત કુલ રૂ. ૧,૦૨,૭૭,૯૨૦/-નો મુદામાલ જપ્ત કર્યોછે.

# ગોંડલમાં રાષ્ટ્રધ્વજનાં અપમાન અંગે ૩ શખ્સો સામે ગુન્હો નોંધાયો

## વિશેષ અધિકારી ન હોવા છતાં કાર પર ધ્વજ લગાવ્યોઃકારના બોનેટ પરથી ધ્વજ ઉખેડી ફેંકી દીધો

**મુખ્ય સમાચાર ગોંડલ**

ગોંડલ માં અલ્પેશ કથીરિયાનાં આગમન વેળા આશાપુરા ચોકડીએ ગણેશ જાડેજાનાં સમર્થકોએ કાળા વાવટા બતાવી કરેલા વિરોધ પ્રદર્શન વેળા હલ્લાબોલ સર્જાયુ હતુ. સમર્થકોએ અલ્પેશ કથીરિયાનાં કાલાને રોકવા પ્રયત્ન કરી નારાબાજી કરી ઉગ્ર દેખાવો કર્યા હતા.આ સમયે અલ્પેશ કથીરિયાનાં કાફલા સાથે જોડાયેલ જીજે૫આરયુ ૧૨૦૦ નંબર ની મહિન્દ્રા થાર નાં બોનેટ પર લગાવેલો રાષ્ટ્ર ધ્વજ કોઈ એ ઉખેડી રસ્તા પર ફેંકી દીધો હતો.





રાષ્ટ્ર ધ્વજ નાં અપમાન બદલ બીથડીવીઝનનાં હેડ.કોન્સટેબલ મદનસિંહ ચૌહાણે તપાસ હાથ ધરી રાષ્ટ્ર ધ્વજ ઉખેડી રસ્તા પર ફેંકનાર હિતેશભાઈ રમેશભાઈ રાઠોડ સામે પ્રિવેન્સન નેશનલ ઈન્સલ્ટ ઓનર એકટ કલમ-૨ મુજબ ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરીછે.

વધુમાં કાર પર રાષ્ટ્ર ધ્વજ લગાવવાનો વિષેશ અધિકાર નાં હોવા છતા કાર પર રાષ્ટ્ર ધ્વજ લગાવવા અંગે થારનાં ચાલક સામે પણ ગુન્હો નોંધાયોછે. ખટારાસ્ટેન્ડ ડો.આંબેડકર ની પ્રતિમા વાળા ચોકમાં ગણેશ જાડેજાનાં સમર્થકો દ્વારા અલ્પેશ કથીરિયાનાં વિરોધ માં લખાણ લખેલા ચાર જેટલા બેનરો કોંગ્રેસ નાં દિનેશભાઈ પાતરે ફાડી તોડી રસ્તા પર ફેંકી દેતા પોલીસે બીએનએસ કલમ ૩૨૪(૨) મુજબ ગુન્હો દાખલ કરી કાર્યવાહી હાથ ધરીછે.

# પરશુરામ જયંતિની ધાર્મિક અનુષ્ઠાનો સાથે સાદગીપૂર્ણ ઉજવણી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં ગઈકાલે ભગવાન પરશુરામ જન્મોત્સવ સાદગીથી ઉજવાયો હતો. આ વર્ષે કાશ્મીરના પહેલગામના આતંકી હુમલામાં ૨૭ જેટલા નિર્દોષ લોકોની હત્યા કરાઈ હતી તેને અનુલક્ષીને દિવંગતોને શ્રધ્ધાંજલી સાથે પરશુરામ જન્મોત્સવ સાદાઈથી ઉજવવામાં આવ્યો હતો. રાજકોટમાં પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રા–મહાપ્રસાદનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હતો. માત્ર પરશુરામ ધામ ખાતે મહાઆરતી તથા પહેલગામના આતંકી હુમલામાં મૃત્યુ પામેલાઓને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. બપોર બાદ ભગવાન પરશુરામજી ની શોભાયાત્રા નીકળી હતી જેના હજારો ભાવિકોએ દર્શન કર્યા હતા. દેશભરમાં પરશુરામ જયંતિની ઉજવણી કરાઈ રહી છે. ત્યારે રાજકોટમાં જય પરશુરામથથનાં જયઘોષ સાથે સાદગી પૂર્વકની શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં રાજકોટનાં મેયર સહિત સ્થાનિક ભાજપનાં આગેવાનો પણ હાજર રહ્યા હતા. પહેલગામની ઘટનાને લઈને આ શોભાયાત્રામાં વિશેષ ફ્લોટ મૂકવામાં આવ્યા હતા. સાથે જ પરશુરામ મંદિરે પૂજન–અર્ચન તેમજ હવન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન શહીદો માટે મુકવામાં આવેલા ફ્લોટ્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જોકે શહીદોના માન માટે શોભાયાત્રાનો રૂટ ટૂંકાવી દેવામાં આવ્યો હતો.

## એકલા રહેવું એ સજા નથી પણ એક અવસર છે

લેખિકા :- દર્શના પટેલ (નેશનલ એથ્લેટ) અમદાવાદ




સિંહને ક્યારેય એવો વિચાર નથી આવતો કે હું એકલો છું હું દુર્બળ છું આશ્રય વિનાનો છું જંગલમાં છું એવો વિચાર ફક્ત નિર્બળ ને જ આવે છે એકલા રહેવું એ ખુદને શોધવાનો એક પ્રસંગ છે જ્યારે સંબંધોમાં તિરાડો પડે એવું લાગે કે બધું જ પતી ગયું છે ત્યારેજ જીવનનો સૌથી મોટો અધ્યાય ચાલુ થાય છે પોતાના વ્યક્તિત્વને જાણવાની .ખુદની ખોજ કરવાનો સુનહેરો મોકો છે અવસર છે જ્યારે સંબંધોમાં કે કોઈ વ્યક્તિ પર કે સંજોગો પર તમારું નિયંત્રણ ના હોય એ સમયે ખૂબ જ શાંતિથી પરિસ્થિતિનો સ્વીકાર કરવો મનને શાંત રાખવું જ્યારે તમારું ધાર્યું કંઈ ન થાય તમે દુઃખી થાઓ ત્યારે વિચારવું કે આ તમારી જિંદગીનો અંત નથી ફક્ત એક ચેપ્ટર હતું. સમય છે સારો કે ખરાબ આ પણ પસાર થઈ જશે કોઈ પણ પરિસ્થિતિ હંમેશા એવી જ નથી રહેતી જેમ મોસમ બદલાતું રહે છે એવી જ રીતે સુખ દુઃખની પરિસ્થિતિઓ પણ જીવનમાં આવે છે અને જાય છે આજે જે દુઃખ સહન કરી રહ્યા છો એ થોડા દિવસો મહિનાઓ પછી ધૂંધળું થતું જશે પોતાની જાતને કહો કે આ સમય પણ પસાર થઈ જશે જ્યારે તમારા જીવનમાંથી અચાનક કોઈ વ્યક્તિ વર્ષોનો સંબંધ એક પળમાં તોડી નાખે છે તમારું બધું જ ઈન્વેસ્ટ તમે એ વ્યક્તિમાં જ કર્યું હોય ત્યારે તમે પોતાની જાતને સંભાળી નથી શકતા અને અંદરથી ખૂબ જ તૂટી જાઓ છો એ સમયે એવુ વિચારવું કે જે ખોયું છે એ તમારું હતું જ નહીં બસ તમારી જિંદગીમાં એમનો રોલ હવે પૂરો થયો કોઈને પોતાની જિંદગી માંથી જવા દેવું એ કમજોરી નથી પણ તમારી તાકાત છે એમાંથી પ્રેરણા લો કે તમે આમાંથી શું શીખ્યા? દરેક અનુભવ ભલે સારો હોય કે ખરાબ તમને કંઈ ને કંઈ શીખવીને જાય છે દુઃખથી જે આપણા વ્યક્તિત્વનું ઘડતર થાય છે તે સૌથી મજબૂત હોય છે આ સંબંધ તૂટવાથી તમને શું શીખ મળી? તમારી હદની તમે પૂરી ઓળખ કરી તમારો મૂલ્ય સમજ્યા કે તમને કેવો પ્રેમ જોઈએ. એના પરથી તમારા ભવિષ્યનું નિર્માણ કરો. એકલા રહેવું એ એક પ્રસંગ એટલા માટે કે તમે પોતાની જાતને ઓળખવાનો મોકો મળ્યો તમારા સપના પૂરા કરવાનો ફરીથી તમારી જિંદગી જીવવાનો તમારો પુનઃ નિર્માણ કરવાનો જ્યાં તમે સૌથી બહેતર બની શકો છો કોઈ વ્યક્તિના લાઈફમાં થી જતા રહેવાથી ઘણીવાર લોકો ખૂબ જ તૂટી જાય છે અને દુઃખી થઈ જાય છે જે ગયું એ એમની યાત્રા પર હતું અને હવે તમારી બીજી યાત્રા શરૂ થઈ છે પોતાની તાકાત ને ફરીથી જાગૃત કરો અને પોતાની જાતને સાબિત કરો. હવે તમે આઝાદ છો, પોતાના વિચારો આદતો સપનાઓને ફરીથી સાકાર કરવાનો મોકો છે આ એક એવી ક્ષણ છે જ્યાં તમારું નવું વ્યક્તિત્વ નું નિર્માણ થાય છે શાંત ઊંડાણ અને આકર્ષક કદાચ તમને ફરીથી ભૂતકાળની યાદોઆવે દુઃખી થાઓ ત્યારે યાદ રાખો તમારું જીવન કોઈ એક વ્યક્તિથી નથી તમે પોતે એક બ્રહ્માંડ છો અને ફરીથી પોતાની દુનિયાનું નિર્માણ કરો સ્ટોક કહે છે કે દર્દમાં તાકાત શોધો એકલા પણમાં અવસર શોધો અને પોતાની જાતને ફરીથી પ્રેમ કરતા શીખો જે પોતાની જાતને સંભાળી શકે છે એ આખી દુનિયા સાથે લડી શકે છે એકલા હોય ત્યારે પોતાનું ધ્યાન પોતાના લક્ષ્ય પર કેન્દ્રિત કરવું નકારાત્મક વિચારોથી દૂર રહેવું સકારાત્મક વિચારો કરવા માનસિક રીતે મજબૂત વ્યક્તિને દુનિયાની કોઈ વ્યક્તિ તોડી નથી શકતી માનસિક શક્તિ વધારવા માટે ધ્યાન વાંચન અને ગમતી પ્રવૃત્તિ કરવી પ્રકૃતિ સાથે રહેવું જ્યારે પણ જીવનમાં ખરાબ પરિસ્થિતિ આવે એવુ વિચારવું કે આ સમય પણ પસાર થઈ જશે જીવનમાં કંઈ પણ સ્થાયી નથી. સુખ કે દુઃખ ધીરજ રાખવી કેમ કે સમયની સાથે બધું જ બદલાય છે પોતાના વિચારો પર નિયંત્રણ કરવું જેવું વિચારો એવું જ જીવનમાં થશે એટલે હંમેશા સકારાત્મક વિચારો અપનાવો જીવનમાં કંઈ પણ મુશ્કેલી આવે તો પોતાની જાતને પૂછો કે ..શું આ મારા નિયંત્રણમાં છે? જો છે તો સુધારો અને ન હોય તો એ છોડી દો. તમારું અડધું દુઃખ ત્યાં જ ઓછું થઈ જશે. મહાન લોકો પોતાની ઊર્જાને નિયંત્રિત કરે છે સકારાત્મક કાર્યમાં જ તેનો ઉપયોગ કરે છે એટલે જ એ સફળ હોય છે વિચારો તમારો સમય તમે યોગ્ય જગ્યાએ વાપરી રહ્યા છો? જો ના તો યોગ્ય જગ્યાએ સમય વાપરવાનું ચાલુ કરી દો .પોતાની જાતને સ્વીકારો તમે જેવા છો એનો સ્વીકાર કરો ઘણા લોકો બીજા ને જોઈને એવુ વિચારે છે કે કાશ હું આટલો સુંદર હોત કાશ મારી પાસે આ હોત પેલું હોત મારી કિસ્મત સારી હોત પણ આ તમારા વિચારો જ તમારા સૌથી મોટા દુશ્મન છે જ્યાં સુધી તમે તમારી જાતને સ્વીકાર નહીં કરો ત્યાં સુધી તમારા જીવનમાં તમને શાંતિ નહીં મળે પોતાના જીવનની સચ્ચાઈનો સ્વીકાર કરવો જે તમારી પાસે છે એ ઘણું છે પોતાની જાતને પ્રેમ કરો .

## સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા સોની મેક્સ ૧ ને લોન્ચ કરે છે

### ફિલ્મો કા ઐસા ચસ્કા, જો દેખે હક્કા બક્કા ટેગલાઈન સાથે, સોની મેક્સ ૧ સમગ્ર પરિવાર માટે એક ક્યુરેટેડ મૂવી અનુભવ પ્રદાન કરે છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા (SPNI) એ દેશભરના લીનિયર ટીવી દર્શકો માટે સિનેમેટિક અનુભવને વધારવા માટે રચાયેલ સોની મેક્સ ૧ નામની નવી ચેનલના લોન્ચ સાથે હિન્દી મૂવી બ્રોડકાસ્ટ સ્પેસમાં તેની હાજરીને વિસ્તૃત કરવાનું ચાલુ રાખે છે.






ફિલ્મો કા ઐસા ચસ્કા, જો દેખે હક્કા બક્કા ના વાઈબ્રન્ટ બ્રાન્ડ વચનને આગળ ધપાવતા, ચેનલ મોહિત અને મનોરંજન કરવા માટે બનાવવામાં આવેલી ફિલ્મોનું રસપ્રદ મિશ્રણ લાવે છે. ૧ મે ૨૦૨૫ ના રોજ અગ્રણી DTH અને કેબલ પ્લેટફોર્મ પર લાઈવ થવા માટે તૈયાર, સોની મેક્સ ૧ હિન્દી ફિલ્મ પ્રેમીઓ માટે પસંદગીનું સ્થળ બનવા માટે તૈયાર છે.

ફિલ્મોમાં વ્યક્તિગત રુચિઓથી આગળ વધવાની અને પરિવારોને એકસાથે લાવવાની અનન્ય ક્ષમતા હોય છે તેવી માન્યતાના આધારે, સોની મેક્સ ૧ વિવિધ શૈલીઓના શીર્ષકોની આકર્ષક લાઈન-અપને ક્યુરેટ કરીને પસંદગીને સરળ બનાવે છે. બોલિવૂડ બ્લોકબસ્ટર્સ અને રિજનલ જેમ્સથી લઈને કલ્ટ ક્લાસિક્સ અને લોકપ્રિય હોલીવુડ ડબ્ડ ટાઈટલ્સ સુધી, આ ચેનલ એક અજોડ જોવાનો અનુભવ પ્રદાન કરે છે જે વિશાળ આકર્ષણ અને સમૃદ્ધ વાર્તા કહેવાનું સંયોજન કરે છે.સોની મેક્સ ૧ નો ઉદ્દેશ્ય પરિવારના દરેક સભ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે, પછી ભલે તે રોમાંચક એક્શન હોય, હૃદયસ્પર્શી ડ્રામા હોય કે પછી મનપસંદ જૂની ફિલ્મો હોય. તે ભારતીય પરિવારોની ભાવનાને પ્રતિબિંબિત કરતો જોવાનો અનુભવ પ્રદાન કરે છે, જ્યાં વાર્તાઓ શેર કરવામાં આવે છે અને લાગણીઓ ઊંડી હોય છે! ટિપ્પણીઃ તુષાર શાહ, ચીફ માર્કેટિંગ ઓફિસર (CMO) અને બિઝનેસ હેડ – મૂવીઝ, રિજનલ અને ઈન્ફોટેનમેન્ટ ચેનલ્સ, સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા (SPNI): પ્રભાવશાળી બ્રાન્ડ્સ બનાવવાના વારસા અને પ્રેક્ષકોની પસંદગીઓની ઊંડી સમજ સાથે, સોની મેક્સ ૧ નું લોન્ચ અમારા હિન્દી મૂવીઝ ક્લસ્ટરના વિસ્તરણ તરફ એક પગલું છે. આ ચેનલ રેખીય ટેલિવિઝન આજના દર્શકો માટે સુસંગત, કૌટુંબિક સંવેદનાઓ પર આધારિત અને આનંદ માટે રચાયેલ, ક્યુરેટેડ મૂવી જોવાનો અનુભવ પ્રદાન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સોની મેક્સ ૧, સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા (SPNI) ના પ્રખ્યાત હિન્દી મૂવીઝ ક્લસ્ટરમાં જોડાય છે, જે સૌથી મોટી હિટ્સનું ઘર છે, જે ફ્લેગશિપ સોની મેક્સ અને કાલાતીત ક્લાસિક્સની ચેનલ, સોની મેક્સ ૨ ને પૂરક બનાવે છે. સોની મેક્સ ૧ મે ૧, ૨૦૨૫ ના રોજ સિનેમાના કાલાતીત જાદુને ફરીથી શોધવા માટે પ્રેક્ષકોને આમંત્રણ આપે છે!

## રાજકોટમાં એક પણ સિનેમાઘરમાં બાયોપિક ફુલે ન બતાવાતાં જ્યોતિબાના ચાહકો દ્વારા સ્પેશિયલ શો રખાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**



સમાજસુધારક જ્યોતિબા અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફુલેના જીવનસંઘર્ષને ઉજાગર કરતી બાયોપિક નફુલેથ કેટલાક વિવાદ વચ્ચે ૨૫મી એપ્રિલે રિલીઝ થઈ ચૂકી છે, જોકે રાજકોટમાં એકપણ મલ્ટીપ્લેક્સ-સિનેમાઘરમાં આ ચલચિત્ર બતાવવાની હિંમત કરવામાં ન આવતાં જ્યોતિબાના ચાહકો દ્વારા બુધવારે તેનો સ્પેશિયલ શો રાખવામાં આવ્યો છે.

સામાજિક કાર્યકર્તા અને સમાજસુધારક ફુલે દંપતીની નીડરતા અને સમાનતા માટેના તેમના સંઘર્ષને દર્શાવતી ફિલ્મ દેશભરમાં રિલીઝ થયા બાદ રાજકોટ શહેરમાં મહાત્મા ફુલેના ચાહકો આ બાયોપિક જોવા માટે ઉત્સુક હતા. જોકે, આ ફિલ્મ શહેરના એકેય મલ્ટીપ્લેક્સ કે સિંગલ સ્ક્રીન થિયેટરમાં બતાવવામાં આવી નથી. તેથી જ્યોતિબા ફુલેના ચાહકોએ મળીને બુધવારે શહેરના એક મલ્ટીપ્લેક્સમાં રાતે ૯ વાગ્યાનો શો બુક કરાવ્યો છે. આ એક શો માટે પણ ફુલેના ચાહકો તરફથી બહોળ પ્રતિસાદ મળ્યો છે.

આ અંગે શિક્ષક વિનયસાગર અનિત્યએ જણાવ્યું કે, નમહાત્મા ગાંધીએ પણ જેમને મહાત્મા કહ્યા છે એવા જ્યોતિબા ફુલે અને એમનાં પત્નીના જીવન પર બનેલી ફિલ્મ રાજકોટના એકેય સિનેમાઘર કે મલ્ટીપ્લેક્સમાં બતાવવામાં ન આવતાં નવાઈ લાગી. જોકે, અમે કેટલાક ચાહકોએ મળીને ખાસ શો રાખવાનું નક્કી કર્યું. બુધવારના આ શો આઈનોક્સ આર વર્લ્ડમાં રાખવામાં આવ્યો છે, જેના માટે અત્યાર સુધીમાં ૧૬૦ લોકોએ બલ્ક-બુકિંગ કરાવ્યું છે.

## મનહર પ્લોટના કોમ્પલેક્ષમાં મેક્સ ફર્નિચર સિસ્ટમમાં આગ ભભૂકી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

### અગાસી પર કર્મચારીઓ કામ કરી રહ્યા હતા ત્યારે જ આગ લાગતા નાસભાગઃ ફાયરબ્રિગેડે ૩૦ મિનિટમાં આગ ઓલવીઃ રૂપિયા ૧૦ લાખનું નુકસાન

રાજકોટમાં મનહર પ્લોટ શેરી નં.૪માં આવેલી મેક્સ ફર્નિચર સિસ્ટમ નામની દુકાનમાં લાગી હતી. અહીં ફર્નિચર તૈયાર કરીને તેનું વેચાણ કરવામાં આવી રહ્યું હોય બપોરે અગાસી પર કર્મચારીઓ કામ કરી રહ્યા હતા બરાબર ત્યારે જ આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. બીજી બાજુ આગની જાણ થતાં જ તુરંત ફાયરબ્રિગેડની ટીમે દોડી જઈ પાણીનો મારો ચલાવતાં ૩૦ મિનિટની અંદર આગ કાબૂમાં આવી ગઈ હતી. સદ્નાગ્યે આગ લાગી ત્યારે કર્મચારીઓ બહાર નીકળી ગયા હોય કોઈ જાનહાની કે ઈજાગ્રસ્ત થયાનો બનાવ બનવા પામ્યો ન્હોતો.જો કે આગને કારણે ફર્નિચર સહિતનો દસેક લાખની કિંમતનો સામાન ખાક થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. જ્યાં આગ લાગી તે કોમ્પલેક્સ ત્રણ માળનું હોવાનું ધ્યાન પર આવ્યું હતું. આ આગ અગાસી પર લાગી હતી જ્યારે મેક્સ ફર્નિચર સિસ્ટમની ઓફિસ તેની નીચેના માળે આવેલી છે. આ આગ કયા કારણોસર લાગી તેનું સચોટ કારણ જાણવા મળ્યું ન્હોતું.

## શહેરમાં ૪૫ ડિગ્રી તાપમાનમા બંધ કરવામાં આવેલ સીટી બસ એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરવા કોંગ્રેસની રજૂઆત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરને પ્રદૂષણ મુક્ત બનાવવામાં શહેરમાં જે સીટી બસો દોડી રહી છે ટેકનિકલ ખામીને પગલે સુવિધાને બદલે સમસ્યા ઉદભવી છે. શહેરમાં ૬૦ જેટલી બસો ૪૫ ડિગ્રી તાપમાનમાં ગરમ થઈ જતા બંધ કરવી પડી હતી. સવા કરોડની બસ હોય તે બંધ થઈ જાય અને ૪૦ લાખની બસ ઓન ધ રોડ ચાલી રહી છે. જે પગલે અનેક મુસાફરોને હાલાકી વેઠવી પડી હતી. આ તમામ બસોમાં ટેકનિકલ ક્ષતિઓ હોવાનું બહાર આવેલ છે. રાજકોટની ભૌગોલિક પરિસ્થિતિ જાણ્યા વગર ખરીદી કરી હોવાનું સ્પષ્ટ જણાય છે. આધારભૂત વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ શહેરમાં ચાલતી સીટી બસ ૫૧ ડિગ્રી થી વધુ ગરમી સહન કરી શકતું નથી પરંતુ આ બસો રાજકોટમાં ૪૫ ડિગ્રીમાં હાંફી ગઈ છે. અને આ ગરમ થયેલી સીટી બસ ના મશીનમાં એલર્ટ દેખાડતા તેને હોલ્ટ પર મૂકવી પડી હતી. રાજકોટ મહાનગરપાલિકા અને એજન્સી પીએમઆઈ સાથે આ અંગે ટેકનિકલ ક્ષતિઓ સુધારવા અંગે ચર્ચા કરી છે. ઊંચા તાપમાનમાં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ઈલેક્ટ્રીક બસ બંધ કરવામાં આવી હતી પરંતુ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા ચલાવવામાં આવતી ઈલેક્ટ્રીક ૨૧ બસો ઓન ધ રોડ રાજકોટમાં જ ચાલી રહી હતી. એક સરખા સિદ્ધાંત અને ટેકનોલોજીની મદદથી ચાલતી બસોમાં મહાનગરપાલિકાના તંત્ર દ્વારા બંધ કરાય અને એસટી તંત્ર દ્વારા ચાલુ રખાય ત્યારે મહાનગરપાલિકા દ્વારા આજી ખરીદ કરાયેલ એજન્સી શંકાના દાયરામાં છે.

## રાજકોટ જિલ્લામાં રૂ.૬૭૪.૬૯ લાખના ખર્ચે ૩૯૮ કામો દ્વારા જળસંગ્રહની કામગીરી હાથ ધરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઈન ૨.૦ની જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન રૂ.૬૭૪.૬૯ લાખના ખર્ચે ૩૯૮ કામો દ્વારા જળસંગ્રહની કામગીરી હાથ ધરાશે.

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરી સુચારુ રીતે થાય તે માટે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ વિવિધ કામો હાથ ધરાશે. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં હાથ ધરવાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેવા કે તળાવો ઉંડા કરવા, ચેકડેમોનુ ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ, જળાશયોનું ડીસીલ્ટીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ, મરામત તથા જાળવણી, નદી, વોંકળા, ગટરની સાફસફાઈ, નદી પુનઃ જીવિત કરવી, નવા તળાવો, નવા ચેકડેમો બનાવવા,વન તલાવડી,ખેત તલાવડી સહિતના કામો હાથ ધરાશે. જેમા જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ દ્વારા કામગીરી કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં વિવિધ કચેરીઓ દ્વારા થનાર કામ પૈકી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨૪૮ કામો, કાર્યપાલક ઈજનેર, સિંચાઈ પંચાયત દ્વારા ૫૫ કામો, પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૨ કામ, કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગના ૮ કામો, જિલ્લા જળસ્રાવ વિકાસ એકમના ૬ કામો તથા મહાનગરપાલિકા વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા ૨૦ કામ હાથ ધરાશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ તળાવો, જળાશયોનું ડીસીલ્ટીંગ, પાળાના મજબુતીકરણની કામગીરી, વ્યકિતગત બંધપાળા અને વ્યક્તિગત ખેતતલાવડીના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી થવાથી તળાવો/જળાશયોની સંગ્રહશક્તિમાં વધારો થશે તથા રોજગારી ઉત્પન્ન થશે. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, સિંચાઈ પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર વિવેક ગોહિલ, સિંચાઈ યોજના વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર બી.પી. ભીમજીયાણી, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુંબઈ-રાજકોટ-મુંબઈ વચ્ચે ચાલતી તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેનને દરરોજ ચલાવવા ચેમ્બરની રજુઆત



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે હરહંમેશ રજુઆતો કરી તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. ત્યારે રોજ બરોજ વેપાર-ઉદ્યોગકારો અને આમ પ્રજાજનો રાજકોટ થી મુંબઈ વચ્ચે મુસાફરી કરતા હોય છે. આ બન્ને શહેરો વચ્ચે અમુક દૈનીક તેમજ અમુક મર્યાદીત સમય માટે ટ્રનો ચાલી રહી છે પરંતુ વિશાળ ટ્રાફિકના કારણે આવી ટ્રેનો ભરચક રહે છે.

રેલ્વે મંત્રાલય દ્વારા હાલમાં ટ્રેનનં.૦૯૦૦૫ / ૦૯૦૦૬ મુંબઈ-રાજકોટ-મુંબઈ નસ્રતેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેનસ્રસ્ર ચલાવવામાં આવી રહી છે જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે. આ સમર સ્પેશ્યલ ટ્રેનમાં ખુબ જ ટુંકા ગાળામાં વેઈટીંગ પીરીયડ અને છઅઈ રીઝર્વેશન થઈ ગયેલ હોવાથી તેમજ મુસાફરોને સારી સુવિધા મળતી હોવાથી નસ્રતેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેનસ્રસ્ર જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે તેને દરરોજ ચલાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને ઉછઅઈઈ મેમ્બર પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવ, વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોધીકા તાલુકાના કાંગશીયાળી ગામની કરોડોની જમીન પચાવી પાડવાનું કારસ્તાન નિષ્ફળ

## કાંગશીયાળી ગામની કિંમતી જમીનમાં વારસદારોના નામ કમી થયા હોવા છતા તેમજ નાયબ કલેકટરે હુકમ કરી આપેલ હોવા છતા રીવિઝન અરજી કરી જમીન પચાવી પાડવાનો કારસો નામંજુર કરતા કલેકટર


**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના કાંગશીયાળી ગામની રેવન્યુ સર્વે નં.-૪૭૨ ની જમીન હેકટર ૦-૬૨-૭૩ સામાવાળાઓ ઉજીબેન વાલજીભાઈ પરમાર વિગેરે આવેલ હતી તે જમીનને લગત બે રીવીઝન અરજી કલેકટર સમક્ષ નાયબ કલેકટર ધ્વારા કરવામાં આવેલ ડીલે. નામંજુરના હુકમ સામે કરવામાં આવેલ હતી જે બન્ને રીવીઝન અરજી કલેકટર એ નામંજુર રાખી નાયબ કલેટકર રાજકોટ પ્રાત-૨ નો હુકમ કાયમ રાખેલ છે.

આ કામે અરજદાર ચેતના બાબુભાઈ ડાભી તથા ધોળીબેન બાબુભાઈ ડાભીએ હકકપત્રકમાં નામ કમી થયેલ નોંધ નં.-૭૮૭૪ તા.૧-૦૭-૨૦૨૨ ના રોજ મંજુર હોય તેની સામે તથા ભુપતભાઈ બાબુભાઈ ડાભી તથા ખેંગારભાઈ બાબુભાઈ ડાભીએ હકકપત્રકમાં નામ કમી થયેલ નોંધ નં.-૭૮૩૦, તા. ૩-૦૩-૨૦૨૩ ના રોજ મંજુર થયેલ નોંધ સામે પહેલા વાંધો ઉભો કરી નાયબ કલેકટર (પ્રાંત-૨) સમક્ષ અપીલ કેશ નં.-૯/૨૪ તથા અપીલ કેશ નં.-૧૦/૨૪ દાખલ કરી આ બન્ને નોંધ રદ કરવામાં અપીલ સામે ડીલેકોન્ડોનેશન અરજી દાખલ કરેલ હતી અને તેમાં જણાવેલ હતુ કે હાલના સામાવાળાઓ ઉજીબેન વાલજીભાઈ પરમાર વિગેરે-૫ નાઓએ અમારી ખોટી અને બનાવટી સહીઓ કરી અને આ જમીનમાંથી નામ કઢાવી નાખેલ છે તેથી આ જમીનમાં કાયદેસરનુ અરજદારનુ હીત સમાયેલ હોય તેથી આ કામે ડીલેકોન્ડોનેશન લાગુ પડતુ ન હોય તેથી ડીલે. મંજુર કરી આ મેટર મેરીટ ઉપર સાંભળવા માટે અરજ કરેલ હોય પરંતુ આ કામે સામાવાળા તરફે ભાવેશ રંગાણી એન્ડ એશોસીએટસ વકીલ તરીકે રોકાયેલ હોય જેઓએ ડીલેકોન્ડોનેશન કરવા સામે કાયદાકીય જોગવાઈઓને આધીન રજુઆત તથા દલીલ કરેલ હોય જે પ્રાંત અધિકારીએ માન્ય રાખી અરજદારોની ઉપરોકત બન્ને અપીલ અરજી ડીલે. ના કારણે નામંજુર કરી દીધેલ હોય

ઉપરોકત ના મંજુર કરેલ ડીલે. અરજીની સામે આ કામે બન્ને અરજદારોએ નામદાર કલેકટર સમક્ષ અનુક્રમ રીવીઝન અરજી કેશ નં.-૬૬/૨૦૨૪ તથા રીવીઝન કેશ નં.-૬૭/૨૦૨૪ દાખલ કરેલ હોયજેમાં અરજદાર ધ્વારા ડીલે અંગે નાયબ કલેકટર તરફથી કરવામાં આવેલ હુકમ રદ કરી આ મેટર મીરીટ ઉપર સાંભળવામાં આવે અને કેશ રીમાન્ડ કરવામાં તેવી કલેકટર સમક્ષ રીવીઝનમાં દાદ માંગવામાં આવેલ હોય જે ઉપરોકત બન્ને કેશમાં સામાવાળાઓના વકીલ ધ્વારા કાયદાકીય રીતે અને ડીલેકોન્ડોનેશન કરવા સામે કાયદાકીય તેમજ અન્ય કોર્ટના ચુકાદાઓના આધારે ધારદાર દલીલ તથા રજુઆત કરેલ હોય જે કલેકટર ધ્વારા મંજુર સામાવાળાની દલીલ તથા રજુઆત મંજુર રાખી





અરજદારની રીવીઝન અરજી નામંજુર કરી નાયબ કલેકટર રાજકોટ, પ્રાંત-૨ નો ચુકાદો કાયમ રાખી અરજદારોનો આ જમીન ખોટી રીતે પચાવી પાડવાનો કારસો નિષ્ફળ કરેલ છે. આ કામે સામાવાળાના એડવોકેટ તરીકે ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા.

# મોરબી રોડ પર રહેતા સગીરે સગા કાકાની ૧૩ વર્ષની બહેન પર દુષ્કર્મ આચર્યુ

## કાકાના ઘેર વારંવાર અવર-જવર કરતો હોય દાનત બગડી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં મોરબી રોડ ઉપર એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે અહીં રહેતાં ૧૬ વર્ષના સગીરે સગા કાકાની ૧૪ વર્ષની બહેન ઉપર દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ફરિયાદ બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાતો ખળભળાટ મચી

જવા પામ્યો હતો. આ અંગે બી-ડિવિઝન પોલીસસૂત્રો પાસેથી જાણવા મળેલી વિગતો પ્રમાણે મોરબી રોડ પર જકાતનાકા પાસે જો કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપતાં બાળકી રીતસરની ડરી ગઈથતી રહેતી ૧૪ વર્ષીય સગીરાને ગુપ્તભાગમાં અસહ્ય દુઃખાવો થઈ રહ્યો હોય તેણે વાલીઓને આ અંગે વાત કરતાં કશુંક અજુગતું થયું હોવાની શંકાને પગલે સારવાર કરાવતાં બાળકી ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો ભાંડો ફૂટતાં જ વાલીઓના પગ નીચેથી જમીન સરકી જવા પામી હતી.

આ પછી પરિવારજનો પોલીસ મથકે પહોંચ્યા ત્યારે બાળકીએ સઘળી હકીકત જણાવતાં પોલીસ પણ સ્તબ્ધ બની જવા પામી હતી. બાળકીએ તેના પર દુષ્કર્મ ગુજારનાર તરીકે તેના જ સગા કાકાના પુત્ર અને તેના સ્કૂલમિત્રનું નામ આપ્યું હતું. બાળકીના જણાવ્યા પ્રમાણે તેના કાકાનો પુત્ર વારંવાર તેના ઘેર અવર-જવર કરતો હોય પહેલાં ચેનચાળા કર્યા હતા.

આ પછી થોડા દિવસ બાદ તેની હિંમત વધી ગઈ હોય તેવી રીતે તેના મિત્ર સાથે ઘેર ધસી આવીને જબદરસ્તીથી દુષ્કર્મ ગુજાર્યુ હતું સાથે સાથે જો આ અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. એકંદરે બાળકી ઉપર એક નહીં બલ્કે વધુ વખત દુષ્કર્મ



ગુજારવામાં આવ્યું હોવાની કેફિયત આપતાં પોલીસે તાત્કાલિક બન્ને આરોપીને સકંજામાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસમાં જાણવા મળ્યા પ્રમાણે બાળકીના પિતા મજૂરીકામ કરતાં હોવાનું અને જેણે તેના ઉપર દુષ્કર્મ ગુજાર્યું તે સગ્ગા કાકાનો પુત્ર સ્કૂલમાં અભ્યાસ કરતો હોવાનું તો તેનો મીત્રએ પણ ભણતર અધૂરું છોડી દીધાનું બહાર આવ્યું હતું.

# રાજકોટ સહિતનાં સ્ટેશનો પર હાઈ-એલર્ટઃ પોલીસનું સઘન ચેકીંગ

## આતંકવાદી હુમલા બાદ શંકાસ્પદ મુસાફર અને સામાનનું ચેકીંગ

**મુખ્ય સમાચાર રાજકોટ**

પશ્ચિમ રેલવેમાં સમર સ્પેશિયલ ટ્રેનોને લઈને રેલવે યાત્રીઓની સુરક્ષા માટે ગુજરાત ગવર્મેન્ટ રેલવે પોલીસે વિશેષ પોલીસ બંદોબસ્ત માં બે ડીવાયએસપી સાત પીઆઈ ૧૦૪ પીએસઆઈ સુરત રેલ્વે સ્ટેશન અને ઉધના સ્ટેશન પર રેલવે યાત્રીઓને લઈને બે ડોગ ટીમ ફાળવ્યા : રાજકોટ રેલ્વે સ્ટે શનમાં પી.આઈ.એચ.એમ.રાણા,પી.એસ.આઈ. બલભદ્રસિંહ જાડેજા સહિત સ્ટાફ, ડોગ સ્કવોર્ડ ટીમ તૈનાત કરવામાં આવી છે.

દેશમાં પહેલગામ આંતકવાદી હુમલાબાદ પશ્ચિમ રેલવેમાં વિવિધ ટ્રેનો તેમજ રેલવે સ્ટેશન પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે સાથે સાથે હાલમાં ઉનાળુ વેકેશન શરૂ થતા રેલવેમાં રેલ્વે યાત્રીની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા રેલવે ગવર્મેન્ટ પોલીસે પણ વિવિધ ટ્રેનોમાં યાત્રીઓનો માલ સામાનને ચોરી કે લૂટ નહીં થાય તે માટે ટ્રેનોમાં અને રેલવે સ્ટેશન પર વધારે પોલીસ બંદોબસ્ત સાથે વધારાના પાંચ ડોગ ફાળવવામાં આવ્યા છે

કાશ્મીરના પહેલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાબાદ પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સ્ટેશન પર હાઈ એલેટ જાહેર કરવામાં આવ્યું છે બીજી તરફ ઉનાળુ વેકેશન શાળાઓમાં શરૂ થતા જ રેલ્વે યાત્રીઓની સંખ્યા નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને લઈને કેટલીક ટ્રેનો ઉનાળા વેકેશનમાં લઈ ફુલ થઈ ગઈ છે ત્યારે પશ્ચિમ રેલવેમાં ગુજરાતમાંથી પસાર થતી વિવિધ રેલવે સ્ટેશન પર પોલીસ બંદોબસ્ત ઈન્ચાર્જ આઈ જી સરોજ કુમારીએ મહત્વના રેલવે સ્ટેશન પર વધારે નો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે આ પોલીસ બંદોબસ્તમાં




બે ડીવાયએસપી સાત પીઆઈ ૧૦૪ પીએસઆઈ તેમજ એલસીબી અને એસઓજીની ટીમને પણ સાથે રાખવામાં આવ્યા છે સુરત અને ઉધના ખાતે યાત્રીઓની વધુ પડતી અવરજવરને લઈને બે ડોગ ટીમ પણ મૂકવામાં આવી છે. આરપીએફ સાથે ટ્રેનોની અંદર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે સાથે સાથે રેલ્વે સ્ટેશન પર લોકોના લગેજ તેમજ સીસીટીવીના માધ્યમથી વિશેષ નજર રાખવામાં આવી રહી છે પશ્ચિમ રેલવેના ગુજરાત ગવર્મેન્ટ પોલીસને રાજ્યના ડીજીપી વિકાસ સહાય દ્વારા વધારાના પાંચ ડોગ ચેકિંગ અર્થે ફાળવવામાં આવ્યા છે જેને લઈને રેલવે પોલીસ ના વિવિધ રેલવે સ્ટેશન પર ટ્રેનોને આવવા જવા પર અને ટ્રેનોની અંદર વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે રાજકોટ ડવિઝન, અમદાવાદ ડિવિઝન અને બરોડા ડિવિઝનમાં પણ પોલીસ દ્વારા વિશેષ પેટ્રોલિંગ સાથે કોમ્બિન હાથ ધરવા આવ્યું છે સાથે શંકાસ્પદ ચીજ વસ્તુઓની પણ ચેકિંગ મેટલ ડિરેકટર અને ડોગ ટીમ ના મદદથી કરવામાં આવી રહ્યું છે.

ખાસ કરીને યુ.પી.બાંગ્લાદેશ તરફ જતી ટ્રેનોમાં વિશેષ ચેકિંગ હાથ ધરાયું છે.

# પ્રેમલગ્ન કરનાર આરોપીની પત્નીના ફોટા મોબાઈલમાંથી ડિલીટ ન કરતા યુવાનનો ભોગ લેવાયો


## બાપુનગર સ્મશાનવાળી શેરીમાં થયેલી હત્યામાં બે આરોપીની ધરપકડ, એક હજુ ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

જિલ્લા ગાર્ડન નજીક બાપુનગર સ્મશાનવાળી શેરીમાં ત્રણ શખસો એ મળીને મીત્રને જ મોતને ઘાટી દેતાં પોલીસ દોડતી થઈ જવા પામી હતી. બીજી બાજુ હત્યાના આ બનાવ બાદ પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી જ્યારે છરીનો ઘા મારનાર મુખ્ય આરોપી ફરાર હોય તેને પકડવા તજવીજ ચાલી રહી છે. આ હત્યા પાછળનું કારણ એ છે કે હત્યાને અંજામ આપનાર આરોપીએ થોડા દિવસ પહેલાં જ જે યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હોય તેના ફોટા મૃતકના મોબાઈલમાં હોવાની શંકા કરી મોબાઈલ ચેક કરવા માંગતાં જ બોલાચાલી થયા બાદ વાત હત્યા સુધી પહોંચી હતી. જેની હત્યા થઈ તે ઈશાન (ઉ.વ.૨૧)ના પિતા મુસ્તફાભાઈ કાસમાણી (ઉ.વ.૫૦)એ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી

ફરિયાદમાં જણાવ્યું કે તેનો પુત્ર બાપુનગર મેઈન રોડ એકતા કોલોનીના ગેઈટ પાસે ઉભા રહેતા હનીકભાઈ ભુંગળા-બટેટાવાળાને ત્યાં નોકરી કરતો હતો. દરમિયાન તેઓ નોકરી પર હતા ત્યારે જિલ્લા ગાર્ડન ક્વાર્ટરમાં રહેતો અમન આરબ બોલાવવા આવ્યો હતો કે ઈશાનને અફઝલ, સાહિલ અને અમન સાથે ઝઘડો થયો હોવાથી તેને માર મારવામાં આવ્યો છે. આ સાંભળી મુસ્તફાભાઈ સહિતનાએ દોડી જઈને જોયું તો ઈશાન લોહીલુહાણ હાલતમાં ત્યાં પડયો હતો. આ હાલતમાં ઈશાનને પૂછવામાં આવતાં તેણે કહ્યું હતું કે અફઝલ સિકંદરભાઈ જુણેજા તેને ભુંગળા-બટેટાની લારીએ હતો ત્યારે બોલાવવા આવ્યો હતો અને ત્યાંથી ભીલાઈ ફાઉન્ડ્રીની સામે આવેલી સ્મશાનવાળી શેરીમાં લઈ ગયો હતો. ત્યાં અગાઉથી જ અમન મહેબુબભાઈ ચૌહાણ અને સાહિલ જેણે છરીનો ઘા ઝીંક્યો તે પ્રેમલગ્ન કરનાર અમન ચૌહાણે પત્નીના ફોટા ઈશાનના મોબાઈલમાં હોવાની આશંકાએ બોલાવ્યોથને માથાકૂટ હત્યા સુધી પહોંચી હુસેન પતાણી હાજર હતા. ત્યાં પહોંચ્યા બાદ અમને સીધો મોબાઈલ લઈ લીધો અને ચેક કરવા લાગ્યો હોય તેની પાસે મોબાઈલ




પરત માંગતાં જ પાઈપથી હુમલો કર્યો હતો. સાહિલ અને અફઝલે ગળું પકડી રાખ્યું અને અમને છરી કાઢી એક પા પેટમાં મારી દીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અમન ચૌહાણે થોડા દિવસ પહેલાં જ ખુશ્બુ નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ખુશ્બુને અગાઉ ઈશાન સાથે પણ પરિચય હોવાની આશંકા હતી સાથે સાથે ખુશ્બુની અમુક તસવીરો ઈશાનના મોબાઈલમાં હોવાની શંકાએ તેનો મોબાઈલ ચેક કર્યા બાબતે માથાકૂટ થતાં આ હત્યા થઈ હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે. પોલીસે અફઝલ સિકંદરભાઈ જુણેજા અને સાહિલ હુસેનભાઈ પતાણીને પકડી પાડયા હતા જયારે અમન ચૌહાણની શોધખોળ ચાલી રહી છે.

# સમૂહલગ્નમાંથી પરત ઘરે જતા વૃધ્ધ કારની ઠોકરે ઘવાતા સારવારમાં મોત

## સાતડા ગામના પાટીયા પાસે બે દિવસ પૂર્વે સર્જાયો હતો અકસ્માત

સાતડા ગામે રહેતા વૃધ્ધ બે દિવસ પૂર્વે બામણબોર જીઆઈડીસી સામે વસુદરામાં સમૂહલગ્નમાં ગયા હતા. અને પરત ફરતી વેળાએ રોડ ક્રોસ કરવા દોડ મુકતા સામે આવતી કાર ન દેખાતા હડફેટે ચડતા ગંભીર ઈજા પહોંચી હતી. અને તાકિદે સારવાર અર્થે રાજકોટ ખાનગી હોસ્પિ.માં ખસેડયા બાદ વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા.સાતડા ગામે રહેતા મોહનભાઈ અરજણભાઈ સદાદિયા ઉ.૭૦ નામના વૃધ્ધ બે દિવસ પૂર્વે એટલે કે ગત.તા.૨૭ના બામણબોર જીઆઈડીસી સામે વસુધરામાં આયોજીત સમૂહલગ્નોત્સવમાં ગયા હતા.બાદ રાત્રીના સાડા દસ વાગ્યા આસપાસ વૃધ્ધ સાતડા ગામના બોર્ડ પાસે રીક્ષામાંથી ઉતરી જઈ રોડ ક્રોસ કરવા દોડ મુકી હતી.પરંતુ સામઆવતી કાર વૃધ્ધને ન દેખાતા હડફેટે ચડતા માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા તાકિદે કારચાલકે માનવતા દાખવી વૃધ્ધને સારવાર અર્થે રાજકોટ ખાનગી હોસ્પિ. માં ખસેડયા હતા.બાદ આજે વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પીએસઆઈ શકિતસિંહ જાડેજા, રાઈટર કિરતીરાજસિંહ સહિતનો સ્ટાફ દોડી જઈ વૃધ્ધના નાનાપુત્ર રમેશભાઈની ફરિયાદ પરથી કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વૃંદાવનથી આવેલ સાધ્વી ઓપીડીમાં ઢળી પડ્યા, તબીબે તપાસ કરતા બે માસનો ગર્ભ હોવાનું બહાર આવ્યુ

## થાનગઢના સાધુ સાથે આવ્યા બાદ તબિયત લથડતા હોસ્પીટલમાં દાખલઃ પ્રનગર પોલીસે MLC આધારે નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી

વૃંદાવનથી થાનગઢના સાધુ સાથે રાજકોટ આવેલી 30 વર્ષીય સાધ્વી સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં સારવાર અર્થે આવ્યા બાદ ઢળી પડતા દાખલ કરતા તબીબી પરીક્ષણ દરમિયાન તેણીને બે માસનો ગર્ભહોવાનું જાહેર કરતા ડોકટરે એમએલસી કરાવતા પ્રનગર પોલીસે ખર્ચ્ચ આધારે નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે તેણીનો પતિ બે વર્ષ પૂર્વે મૃત્યુ પામ્યો હોવાનુ અને જે સાધુ સાથે તે આવી હતી તેની સાથે તે પોતાની મરજીથી રહેતી હોવાનુ જાણવા મળ્યુ છે. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત મુજબ વૃંદાવન રહેતી 30 વર્ષીય સાધ્વી ગત ૨૩ તારીખે ગુજરાતમાં દેવ દર્શન અર્થે થાનગઢના સાધુ સાથે રાજકોટ આવી હતી દરમિયાન ગત ૨૬ તારીખે તેણીની તબિયત લથડતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે લાવવામાં ઓપીડીમાં હતી ત્યારે અચાનક ઢળી પડતા તેણીને વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી અહીં ગાયનેક તબીબના પરીક્ષણ દરમિયાન તેણીને બે માસનો ગર્ભ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું આ અંગે એમએલસી જાહેર કરતા પ્રનગર પોલીસ મથકના સ્ટાફે નોંધ કરી નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે વિશેષ પૂછપરછ બાદ સાચી હકીકત સામે આવશે.

# જેતપુરમાં પોલીસના ચેકિંગમાં બાંગ્લાદેશી મહિલા મળી આવી



પહેલગામ આતંકી હુમલા બાદ પાકિસ્તાની, બાંગ્લાદેશીઓને દેશમાંથી પરત કાઢવાના ચાલી રહેલા અભિયાન માં જેતપુરમાંથી એક બાંગ્લાદેશની મહિલા પોલીસને મળી આવતા અટકાયતમાં લઈ પુછતાછ હાથ ધરાઈ છે. જેતપુર પલીસે પરપ્રાંતિયોની વસાહતોમાં ચેકિંગ હાથ ધર્યું હતુ. ૫૦થી વધુ પરપ્રાંતિયોને ચેક કર્યા હતા. જેમાં બાંગ્લાદેશના જીનેદહ જીલ્લાના મોહલા હરીશંકર પૂરની વતની રૂકશાના મહંમદ સદરૂદિન મહમદ ગુલામ મિયા નામની મહિલા ગેરકાયદે રહેતી હોવાનું ખૂલ્યું હતું. આ મહિલા કોઈપણ વિઝા કે મંજૂરી વીના જેતપુરના ગુજરાતી વાડીમાં જીમખાના મેદાન પાછળ વિસ્તારમાં દિનેશભાઈ ખોડાભાઈ પઘડારને ત્યાં રહેતી હતી.પોલીસે તેની પણ પૂછતાછ હાથ ધરી હતી. મહિલા પાસેથી તેના પરિવારના એક વ્યક્તિના નામનું બાંગ્લાદેશનું ચૂંટણી કાર્ડ ઓળખ કાર્ડ મળી આવ્યું હતુ. સ્થાનિક પોલીસ ઉપરાંત આઈ.બી.એ પણ મહિલાની પુછતાછ ઝંપલાવ્યુ છે. મહિલાને પી.આઈ. એ.ડી. પરમાર તથા સ્ટાફે પકડી પાડી છે.

# રાજકોટની છાત્રાને પબ્જી ગેમ રમવું ભારે પડયુંઃ MPના શખ્સે મોર્ફ કરેલા ન્યૂડ ફોટા કર્યા વાયરલ

**મુખ્ય સમાચાર રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગરોડ પર રહેતી ૨૨ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડી વાપરનાર તેમજ બે અલગ અલગ મોબાઈલ નંબર ધારકના નામ આપી જણાવ્યું હતું કે, તેણી એમબીએમા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. તેણી આઈફોનનો ઉપયોગ કરે છે. તેમાં BATTLEGROUNDS MOBILE INDIA (‘Æ) નામની મોબાઈલ ગેમ્સ ચારેક વર્ષ પહેલા – ડાઉનલોડ કરેલ હતી. તેણી ગેમ્સ રમતી હતી, જે ગેમ્સ ગ્રુપ બનાવીને રમવાની હોય જેથી તેમાં અલગ-અલગ રાજ્યના લોકો ઓનલાઈન ગેમ્સ રમતા હોય છે. પાંચેક માસ પહેલા તેણી ઓનલાઈન ગેમ્સ રમતી હતી ત્યાર¡ WALKER નામ વાળી વ્યક્તિ તેમની સાથે ગેમ્સ રમવા માટે જોઈન થયેલ અને તે બાદ WALKERનામ વાળી વ્યક્તિ સાથે અવાર-નવાર ઓનલાઈન ગેમ્સ થતા તેણીએ પોતાનું સ્નેપચેટ આઈડી તે શખ્સને આપેલ હતું. જે સ્નેપચેટ આઈડીમાં બંને અવારનવાર વાતો કરતાં હતાં અને બાદમાં તેણીએ પોતાનો મોબાઈલ નંબર પણ આપેલ હતો. સામેવાળા શખ્સે પોતાનું નામ અક્ષીત શર્મા (રહે. જબલપુર, મધ્યપ્રદેશ) હોવાનું જણાવી મોબાઈલ નં. ૯૦૯૮૧ ૯૯૪૮૪ તથા ૭૩૮૯૨૯૧૭૯૬ આપેલ હતા. બંન્ને નંબરમાં અક્ષીત શર્મા સાથે અવાર-નવાર વોટસએપમાં વાતચીત કરતા હતાં. તેણીને તે શખ્સ સાથે મિત્રતા કેળવાઈ જતા પોતાના ફોટા અક્ષીત શર્માને મોકલેલ હતા. ત્યારબાદ તેણીને ગેમ્સ રમતી વખતે બોલાચાલી થતા તેણીએ અગાઉ અક્ષીત શર્માને મોકલેલ પોતાના ફોટા તેણે ઈન્સટાગ્રામ આઈડી પર વાઈરલ કરેલ જેથી તેણીએ સીઆઈડી ક્રાઈમ અરજી કરી હતી.જે બાદ અક્ષીત શર્માએ ફરીથી તેણીના તેમજ પિતા તેણીને ગેમ્સ રમતી વખતે બોલાચાલી થતા તેણીએ અગાઉ અક્ષીત શર્માને મોકલેલ પોતાના ફોટા તેણે ઈન્સટાગ્રામ આઈડી પર વાઈરલ કરેલ અને BATTLE GROUNDS MOBILE INDIA ગેમ્સમાં અક્ષીત શર્માના મિત્રોને પણ તેણીના ફોટા વાઈરલ કરવા કહેતો હતો અને તેના ઓનલાઈન ગેમ્સના મિત્રોની ઈન્સ્ટાગ્રામ આઈડી પર વાયરલ કરેલ હતાં. જેથી તેણીએ સીઆઈડી ક્રાઈમ અરજી કરી હતી.જે બાદ અક્ષીત શર્માએ ફરીથી તેણીના તેમજ પિતા અને માતાના ફોટો ઓનલાઈન મેળવી BATTLE GROUNDS MOBILE INDIA ગેમ્સમાં તેણીનો ન્યુડ ફોટો મોર્ફ કરી વાઈરલ કરેલ હતો. જે મામલે કારણ અંગે યુવતીએ જણાવ્યું હતું કે, તેઓ એક બીજના મિત્ર હોય અને તેની સાથે વાતચિત કરવાનું બંધ કરી દેતા તેનો ખાર રાખી તેણીના મોર્ફ કરેલ ન્યુડ ફોટા વાયરલ કરેલ છે .

# નાયબ મામલતદારોની બદલીઓ કરતા જિલ્લા કલેકટર

## ૨૪ ના. મામલતદારની અરસ-પરસ બદલી, જિલ્લા ફેરબદલીમાં આવેલા ૧૨ને નિમણુંક

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ફરી એક વખત નાયબ મામલતદારોની બદલીનો ઘાણવો કાઢ્યો છે જેમાં જિલ્લા કલેકટર કચેરીમાં જ વર્ષોથી ફરજ બજાવતા ખાસ કર્મચારીઓનો પટ્ટો રીન્યુ કરવા એક બ્રાન્ચમાંથી બીજી બ્રાન્ચમાં મુકવાની સાથે જિલ્લા ફેરબદલી કરાવી આવેલા ૧૨ નાયબ મામલતદારોને પોસ્ટિંગ અપાવામાં આવ્યું છે. આ ઉપરાંત ડેપ્યુટેશમાંથી પરત આવેલ બે નાયબ મામલતદારોને પણ પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા અગાઉ બદલીનો મીની ઘાણવો કાઢ્યા બાદ સોમવારે વધુ બદલીના ઓર્ડર કર્યા છે જે અંતિર્ગત ૨૪ નાયબ મામલતદારોની આંતરિક બદલી કરી છે. જો કે, આ બદલી હુકમમાં બિનખેતી, પુરવઠા સહિતની શાખાઓમાં વર્ષોથી કલેકટર કચેરીમાં જ ફરજ બજાવતા કર્મચારીઓની બ્રાન્ચ બદલી પટ્ટો રીન્યુ કરી આપવામાં આવ્યો હોવાનો સુર ઉઠ્યો છે. બિનખેતી શાખામાં રહેલા મૌલિક ટીમ્બડીયાને પુરવઠા વિભાગમાં મુકવામાં આવ્યા છે જેની સામે પીઆરઓ શાખાના મુકેશ રાઠોડને બિનખેતીમાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત લેન્ડગ્રેબિંગ શાખાનું અલાયદું અપાઈ મહેકમ ઉભું કરવામાં આવતા બે નાયબ મામલતદારની લેન્ડગ્રેબિગ શાખામાં બદલી કરવામાં આવી છે.

આ બદલી હુમલા અન્વયે સીટી મામલતદાર કચેરીના નાયબ મામલતદાર ધીરેન્દ્ર પુરોહિતને આઈઓરા, ઝોનલ ૧ કચેરીના જોશીને તાલુકા મલતદાર કચેરીમાં દબાણ શાખામાં, પ્રાંત-૨ કચેરીના હિરેન જોશીને જમીન સંપાદન વિભાગમાં કોટડા સાંગાણીના પવન પટેલને સીટી -૨ પ્રાંત શિરસ્તેદાર તરીકે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપ્યુટેશન ઉપરથી પરત આવેલા બે અને જિલ્લા ફેર બદલી પામીને આવેલા ૧૨ નાયબ મામલતદારોને પણ અલગ અલગ શાખામાં નિમણુંક આપવામાં આવી છે.